بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ



રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدْنِيْ عِلْمًا وَارْزُقْنِيْ فَهْمًا

અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.




સરપરસ્ત
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

Vol.-1, Isuue-6, April-2014

Website : www.jafariaawaz.com ❋ email : jafariaawaz@gmail.com

સંપાદક મંડળ

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫૪૧૪૭૨
સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩
સલાહ–માર્ગદર્શન : મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)
સહયોગી : મોલ્વી ખાદિમહુસૈન પટેલ (મોલીપુર)
મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)
મોલ્વી અબ્બાસઅલી સલેમા (હરિપુરા)
લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા - ૯૯૨૫૭૩૦૧૦૭

વ્યવસ્થાપક મંડળ

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬
સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી મતિયા

કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| કુરઆન શિક્ષણ | 7 |
| અહાદીસ | 9 |
| ગડમથલ | 12 |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | 13 |
| સલામ બહુઝૂર હઝરત ઈમામ હુસૈન (અ.) | 17 |
| ઈમામતના વિવાદનો સચોટ અને કાયમી ઉકેલ | 19 |
| એપીટમી ડેરી | 21 |
| મશાયખવાણી | 23 |
| જીભની નવાઈ પમાડે તેવી વાતો | 25 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 27 |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | 30 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 31 |
| અલ ઈર્શાદ | 35 |
| મીર અનીસના મરસિયા | 39 |
| જાફરી પંચાંગ | 42 |
| ખુત્બો : ગુસ્સા વિષે | 43 |
| બ્લોગ | 47 |
| જ્ઞાનગોષ્ઠિ | 49 |
| આપણા ઘરની વાતો | 53 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 54 |


# ઊઘડતે પાને...

બની ઈસરાઈલની કોમ.

આ કોમમાં એક માણસ કતલ થઈ ગયો, પરંતુ કોઈને તેના કતલ થવાના કારણની ખબર પડી નહીં. તેના કાતિલનો કોઈ પત્તો મળતો ન હતો.

તારીખ અને તફસીરથી જે કંઈ જાહેર થાય છે તે એ છે કે કતલનું કારણ માલ હતો કે શાદી.

કેટલાક તફસીરકારો કહે છે કે બની ઈસરાઈલમાં એક દોલતમંદ માણસ હતો. તેની પાસે

પુષ્કળ દોલત હતી. તેની દોલતનો વારસદાર તેના એક પિત્રાઈ ભાઈ સિવાય બીજો કોઈ ન હતો. તે દોલતમંદ માણસ ખૂબ મોટી ઉંમરનો થઈ ચૂકયો હતો. તેના પિત્રાઈ ભાઈએ ખૂબ વાટ જોઈ કે તે દુનિયાથી ચાલ્યો જાય જેથી તે તેનો વારસદાર બની શકે, પરંતુ ઈન્તેઝારનું કોઈ પરિણામ ન આવ્યું. તેણે તેને ખતમ કરી દેવાનો સંકલ્પ કર્યો. છેવટે તેણે તેને એકલો જોઈને કતલ કરી નાખ્યો. અને તેની લાશને રસ્તા પર મૂકી દીધી અને રડવા લાગ્યો અને હઝરત મૂસા (અ.)ની અદાલતમાં મુકદ્દમો રજૂ કરી દીધો કે કેટલાક લોકોએ મારા ભાઈને કતલ કરી નાખ્યો છે.

કેટલાક અન્ય તફસીરકારો કહે છે કે કતલનું કારણ એ હતું કે પોતાના પિત્રાઈ ભાઈને કતલ કરનારાએ તેની સમક્ષ તેની દીકરીનું માગું કર્યું હતું, પરંતુ તેણે તે દરખાસ્તને રદ કરી દીધી. અને પોતાની દીકરીને બની ઈસરાઈલના એક નેક પવિત્ર માણસ સાથે પરણાવી દીધી. પરાજિત થયેલા પેલા પિત્રાઈ ભાઈએ છોકરીના બાપને કતલ કરવાનો ઈરાદો કરી લીધો અને ગુપ્ત રીતે તેને કતલ કરી નાખ્યો.

બની ઈસરાઈલના કબીલાઓ વચ્ચે ઝઘડો શરૂ થઈ ગયો. તેમાંથી દરેક જણ બીજા કબીલાને તેમજ અન્ય લોકોને જવાબદાર ગણતો હતો અને પોતાને નિર્દોષ ગણતો હતો.

ઝઘડો ખતમ કરવા માટે આ મુકદ્દમાને હઝરત મૂસા (અ.)ની ખિદમતમાં રજૂ કરવામાં આવતો હતો અને લોકો આ પ્રસંગે આપ (અ.) સમક્ષ મુશ્કિલકુશાઈ કરવાની દરખાસ્ત કરતા હતા અને તેનો ઉકેલ ઈચ્છતા હતા.

જો કે સામાન્ય અને જાહેરી તરીકાઓથી આ ઝઘડાનો ચુકાદો શકય ન હતો અને બીજી તરફ આવી હુંસાતુંસી ચાલુ રહેવાથી શકય હતું કે બની ઈસરાઈલમાં એક મોટો ફિત્નો ખડો થઈ જાય.

હવે આપણે જોઈએ કે હઝરત મૂસા (અ.) પરવરદિગારથી મદદ મેળવીને કરામતના માર્ગે આ મુશ્કેલીનો ઉકેલ કેવી રીતે લાવે છે.

કુરઆને ફરમાવ્યું,

وَاِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖٓ اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تَذْبَحُوْا بَقَرَةً ... ﴿٦٧﴾

*(અને (તે સમયને યાદ કરો) જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે નિ:સંશય અલ્લાહ તમને એક ગાય ઝબેહ કરવાનો હુકમ કરે છે.)*

(સૂરા બકરા, આયત–૬૭)

અને તે ઝુબ્હ કરેલી ગાયના એક ટુકડાને એ કતલ થયેલાના શરીર ઉપર મારો કે જેના કાતિલ વિષે કોઈ જાણકારી નથી જેથી તે જીવતો થઈ જાય અને પોતાના કાતિલને બતાવી દે.

તેમણે નવાઈ પામીને કહ્યું,

"શું તમે અમારી સાથે મશ્કરી કરો છો ?"

મૂસા (અ.)એ તેના જવાબમાં તેમને કહ્યું,

...قَالَ اَعُوْذُ بِاللّٰهِ اَنْ اَكُوْنَ مِنَ الْجٰهِلِيْنَ ﴿٦٧﴾

*(કહ્યું કે અલ્લાહ ન કરે કે હું અજ્ઞાનીઓ માંહેનો થાઉં.)*

(સૂરા બકરા, આયત–૬૭)

અર્થાત્ મજાક મશ્કરી કરવી તે જાહિલ લોકોનું કામ છે અને ખુદાનો રસૂલ ખરેખર એવો નથી હોતો.

ત્યાર પછી તેમને સંતોષ થઈ ગયો કે આ મજાક મશ્કરી નથી, પરંતુ આ તો સમજદારીભરી

વાતચીત છે.

قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِيَ ۚ ... ﴿٦٨﴾

*(તેમણે કહ્યું કે તું તારા પરવરદિગારને અમારા માટે વિનંતી કર કે તે ગાય કેવી છે તે ખુલાસાથી અમારા માટે વર્ણવે;)*

(સૂરા બકરા, આયત–૬૮)

ત્યાર પછી મૂસા (અ.)એ તેના જવાબમાં ફરમાવ્યું,

...قَالَ إِنَّهُ يَقُولُ إِنَّهَا بَقَرَةٌ لَّا فَارِضٌ وَّلَا بِكْرٌ ۖ عَوَانٌ بَيْنَ ذَٰلِكَ ۖ ... ﴿٦٨﴾

*(કહ્યું કે નિ:સંશય (અલ્લાહ) ફરમાવે છે કે તે એક ગાય છે જે નથી ઘરડી કે નથી જુવાન પણ બન્ને વચ્ચેની છે;)*

(સૂરા બકરા, આયત–૬૮)

એવા હેતુથી કે તેઓ આ મસઅલામાં આનાથી વધારે લંબાણ કરે અને બહાનાં કાઢીને અલ્લાહના હુકમમાં વિલંબ ન કરે તે માટે પોતાના કલામના અંતે વધુમાં ફરમાવ્યું,

...فَافْعَلُوا مَا تُؤْمَرُونَ ﴿٦٨﴾

*(જેથી તમને જે આજ્ઞા આપવામાં આવી છે તેનું પાલન કરો.)*

(સૂરા બકરા, આયત–૬૮)

પરંતુ તેઓ તો ફરીથી પાછા વધારે વાતો કરવા લાગ્યા, ઠઠ્ઠાઈ બતાવવાથી પાછા ન હટ્યા અને કહેવા લાગ્યા,

قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا لَوْنُهَا ۚ ... ﴿٦٩﴾

*(કહ્યું કે તારા પરવરદિગારને અમારા માટે વિનંતી કર કે તેનો રંગ કેવો છે તે અમોને સાફ સાફ જણાવી દે.)*

(સૂરા બકરા, આયત–૬૯)

હઝરત મૂસા (અ.)એ જવાબમાં કહ્યું,

...قَالَ إِنَّهُ يَقُولُ إِنَّهَا بَقَرَةٌ صَفْرَاءُ فَاقِعٌ لَّوْنُهَا تَسُرُّ النَّاظِرِينَ ﴿٦٩﴾

*(કહ્યું કે નિ:સંશય (અલ્લાહ) ફરમાવે છે તે ગાય એવા ઘેરા પીળા રંગની છે કે જોનારાઓને ખુશ કરી નાખે.)*

(સૂરા બકરા, આયત–૬૯)

ખુલાસો એ કે તે ગાય શકય હોય ત્યાં સુધી ગમી જાય તેવા રંગવાળી અને ચમકદાર હોય, એવી ખૂબસૂરત આંખોવાળી કે જોનારાને આશ્ચર્યમાં નાખી દે.

નવાઈની વાત તો એ છે કે તે લોકોએ આટલેથી સંતોષ ન માન્યો અને આવી રીતે દરેક વખતે બહાનાં કાઢવા લાગ્યા અને પોતાની જાતને વધારે મુશ્કેલીમાં નાખતા ગયા.

ત્યાર પછી વળી કહેવા લાગ્યા કે,

قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِيَ إِنَّ الْبَقَرَ تَشَابَهَ عَلَيْنَا ۖ ... ﴿٧٠﴾

*(કહ્યું કે તારા પરવરદિગારને અમારા માટે વિનંતી કર કે તે ખુલાસાથી વર્ણવે કે તે ગાય કેવી છે,)*

(સૂરા બકરા, આયત–૭૦)

હઝરત મૂસા (અ.)એ ફરીથી કહ્યું,

قَالَ إِنَّهُ يَقُولُ إِنَّهَا بَقَرَةٌ لَّا ذَلُولٌ تُثِيرُ الْأَرْضَ وَلَا تَسْقِي الْحَرْثَ ... ﴿٧١﴾

*(કહ્યું કે નિ:સંશય (અલ્લાહ) ફરમાવે છે કે તે ગાય એવી છે કે જેને ખેડવા અથવા ખેતરોને પાણી પાવા માટે હજી પલોટી (કામે લગાડી) ન હોય; (તેમજ) સાજી તંદુરસ્ત (અને) ખોડ ખાંપણ વિનાની હોય;)*

(સૂરા બકરા, આયત–૭૧)

હવે તેમની પાસે બહાનાબાજી કરવાનો કોઈ સવાલ બાકી ન રહ્યો. જેટલા સવાલો તેઓ કરી શકતા હતા તે બધા પૂરા થઈ ગયા તો કહેવા લાગ્યા, હવે તેં હક બાબત કહી છે. પછી તેમનાથી થઈ શક્યું તે પ્રમાણે તેમણે ગાય પ્રાપ્ત કરી લીધી અને તેને ઝુબ્હ કરી દીધી, પરંતુ હકીકતમાં તેઓ આ કામ કરવા માગતા નહોતા.

فَقُلْنَا اضْرِبُوهُ بِبَعْضِهَا ۚ كَذَٰلِكَ يُحْيِي اللَّهُ الْمَوْتَىٰ ...

*(પછી અમોએ કહ્યું કે આ ગાયનો એક ભાગ (લઈને) તેના શબ પર મારો (તેમ કરતાં તે સજીવન થઈ ગયો). એવી રીતે અલ્લાહ મરણ પામેલાઓને સજીવન કરે છે.)*

(સૂરા બકરા, આયત–૭૩)

બની ઈસરાઈલે આવી ખાસિયતોવાળી ગાયની શોધ ચલાવી અને તેને ઝુબ્હ કરી અને તેનું લોહી કતલ થનારના શરીર પર લગાવ્યું તો તે જીવતો થઈ ગયો અને પોતાના કાતિલને (કે જે તેનો પિત્રાઈ ભાઈ હતો તેને) ઓળખી બતાવ્યો.

આ પ્રકારની ગાય એ ઈલાકામાં એક જ હતી. બની ઈસરાઈલે તેને ખૂબ મોંઘી કિંમતમાં ખરીદી હતી. કહેવાય છે કે તે ગાયનો માલિક એક ખૂબ જ નેક માણસ હતો કે જે પોતાના બાપનું ખૂબ જ સન્માન જાળવતો હતો.

એક દિવસ જ્યારે તેનો બાપ સૂઈ રહેલો હતો ત્યારે તેને એક ખૂબ જ નફાકારક પ્રસંગ સાંપડ્યો. સંદૂક (પેટી)ની ચાવી તેના બાપની પાસે હતી પરંતુ એવા વિચારથી કે તેમને કોઈ તકલીફ અથવા આરામમાં વિક્ષેપ ન પડે, તેણે તેમને જગાડ્યા નહીં, તેથી તેને આ મામલામાં શરફ નજરે પડ્યો.

કેટલાક તફસીરકારોની દૃષ્ટિએ વેચવાવાળો એક જણસ સિત્તેર હજારમાં એ શરતે વેચવા માટે તૈયાર હતો કે કિંમત તરત જ અદા કરવામાં આવે અને કિંમતની ચૂકવણી એ બાબત ઉપર નિર્ભર હતી કે ખરીદવા માટે પોતાના બાપને જગાડીને સંદૂકોની ચાવીઓ તેની પાસેથી મેળવે. તે સિત્તેર હજારમાં ખરીદવા માટે તૈયાર હતો પરંતુ કહેતો હતો કે હું તમને કિંમત મારા બાપના જાગ્યા પછી આપીશ. ખુલાસો એ કે સોદો ન થઈ શકયો. અલ્લાહ તઆલાએ તે નુકસાનને એવી રીતે પૂરી કરી કે તે યુવકના માટે ગાયના વેચાણનો એ નફાકારક મોકો અતા કર્યો. કેટલાક તફસીરકારો એવું કહે છે કે બાપ જાગ્યો તો તેને આ પ્રસંગની ખબર પડી. તે નેકીના કારણે તેણે તે ગાય પોતાના બેટાને બક્ષિસ કરી દીધી. આવી રીતે તેને એ અગણિત નફો પ્રાપ્ત થયો.


*Nature's Low of Cure*

**શિફા હોમિયોપેથ ક્લિનીક**

**ડૉ.એહમદઅબ્બાસ ધરખડ**

*(હોમિયોપેથીક કન્સલ્ટન્ટ)*

(હઠીલા રોગો માટે આશાનું કિરણ)

સ્ત્રી રોગો, ચામડીના રોગો, ગેસ, એસીડીટી, કબજીયાત, હરસ, મસા, વા, ગાંઠીયો વા, સાયટીકા, ખરતા વાળ, થાઈરોઈડ, માનસિક રોગો માટે હોમિયોપેથિક સારવાર.

**સમય : સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી**

**બહારના દર્દીઓએ ફોન કરીને આવવું.**

સ્પાન કોમ્પલેક્ષ, પૃથ્વી રેસ્ટોરન્ટની સામે, પોલીટેકનીક રોડ, વડનગર. જિ. મહેસાણા.

**મો.૯૭૨૩૩૮૯૬૧૩**



# કુરઆન શિક્ષણ

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

અઝ઼ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ وَآمِنُوا
بِرَسُولِهِ يُؤْتِكُمْ كِفْلَيْنِ مِنْ رَحْمَتِهِ وَ
يَجْعَلْ لَكُمْ نُورًا تَمْشُونَ بِهِ وَيَغْفِرْ
لَكُمْ ۚ وَاللَّهُ غَفُورٌ رَحِيمٌ ﴿٢٨﴾

✪ હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરો અને તેના રસૂલ (મોહંમદ (સ.)) પર ઈમાન લાવો કે જેથી તે પોતાની કૃપાનો બેવડો ભાગ તમને આપે, અને તમારા માટે એવું નૂર કાયમ કરે કે જેના પ્રતાપે તમે ચાલો તથા તમારા ગુના માફ કરી દે; અને અલ્લાહ મોટો માફ કરનાર (તથા) રહેમ કરનારો છે.

**(પારો-૨૭, સૂરા હદીદ, આયત-૨૮)**

---

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا نَاجَيْتُمُ الرَّسُولَ
فَقَدِّمُوا بَيْنَ يَدَيْ نَجْوَاكُمْ صَدَقَةً ۚ ذَٰلِكَ
خَيْرٌ لَكُمْ وَأَطْهَرُ ۚ فَإِنْ لَمْ تَجِدُوا فَإِنَّ
اللَّهَ غَفُورٌ رَحِيمٌ ﴿١٢﴾

✪ હે ઈમાન લાવનારાઓ ! જ્યારે તમે રસૂલ સાથે કોઈ ખાનગી વાત કરવા ચાહો તો તે ખાનગી વાત કરવા પહેલાં કાંઈ દાનધર્મ કરો; આ તમારા માટે બહેતર છે તેમજ વધારે પવિત્ર કરનાર પણ છે; પણ જો તેમ કરવાની તમને પહોંચ ન હોય તો ખરે જ અલ્લાહ મોટો માફ કરનાર (અને) રહેમ કરનારો છે. **(પારો-૨૮, સૂરા મુજાદીલાહ, આયત-૧૨)**

---

أَأَشْفَقْتُمْ أَنْ تُقَدِّمُوا بَيْنَ يَدَيْ نَجْوَاكُمْ
صَدَقَاتٍ ۚ فَإِذْ لَمْ تَفْعَلُوا وَتَابَ اللَّهُ
عَلَيْكُمْ فَأَقِيمُوا الصَّلَاةَ وَآتُوا الزَّكَاةَ وَ
أَطِيعُوا اللَّهَ وَرَسُولَهُ ۚ وَاللَّهُ خَبِيرٌ بِمَا

✪ શું તમે (રસૂલ સાથે) એકાંતમાં વાત કરવા પહેલાં કાંઈ દાન આપવા (ના હુકમથી) ડરી ગયા? હવે જો તમે એમ નથી કરતા તો અલ્લાહે પણ તમને માફ કરી દીધા છે, જેથી હવે (નિયમિત રીતે) નમાઝ પઢતા રહો તથા ઝકાત આપતા રહો અને અલ્લાહ તથા તેના રસૂલની તાબેદારી કરતા રહો;

تَعۡمَلُوۡنَ ﴿۱۳﴾

અને જે કરણી પણ તમે કરો છો, તેનાથી અલ્લાહ માહિતગાર છે.

**(પારો-૨૮, સૂરા મુજાદીલાહ, આયત-૧૩)**

---

اِنَّ اللّٰهَ یُحِبُّ الَّذِیۡنَ یُقَاتِلُوۡنَ فِیۡ سَبِیۡلِهٖ صَفًّا کَاَنَّهُمۡ بُنۡیَانٌ مَّرۡصُوۡصٌ ﴿۴﴾

❂ બેશક અલ્લાહ તે લોકોને દોસ્ત રાખે છે કે જેઓ તેની રાહમાં એવી રીતે હાર બાંધીને લડે છે જાણે કે તેઓ એક સીસુ પાયેલી દીવાલ હોય.

**(પારો-૨૮, સૂરા સફ, આયત-૪)**

---

وَ اِذۡ قَالَ عِیۡسَی ابۡنُ مَرۡیَمَ یٰبَنِیۡۤ اِسۡرَآءِیۡلَ اِنِّیۡ رَسُوۡلُ اللّٰهِ اِلَیۡکُمۡ مُّصَدِّقًا لِّمَا بَیۡنَ یَدَیَّ مِنَ التَّوۡرٰىةِ وَ مُبَشِّرًۢا بِرَسُوۡلٍ یَّاۡتِیۡ مِنۡۢ بَعۡدِی اسۡمُهٗۤ اَحۡمَدُ ؕ فَلَمَّا جَآءَهُمۡ بِالۡبَیِّنٰتِ قَالُوۡا هٰذَا سِحۡرٌ مُّبِیۡنٌ ﴿۶﴾

❂ અને (તે સમયને યાદ કર) જ્યારે મરયમના પુત્ર ઈસાએ કહ્યું કે હે બની ઈસરાઈલ ! નિઃસંશય હું તમો સર્વેની તરફ અલ્લાહનો રસૂલ (બનાવીને મોકલવામાં આવ્યો) છું; તૌરાત કે જે મારી પહેલાંની (કિતાબ) છે તેની સત્યતાને ટેકો આપનારો છું અને એવા એક રસૂલની ખુશખબર આપનારો છું કે જે મારા પછી આવશે, જેનું નામ અહમદ હશે; પછી જ્યારે તે તેમની પાસે ખુલ્લી દલીલો લઈને આવ્યો ત્યારે તેમણે કહી દીધું કે આ તો ખુલ્લો જાદુ છે.

**(પારો-૨૮, સૂરા સફ, આયત-૬)**

---

وَ اِذۡ اَسَرَّ النَّبِیُّ اِلٰی بَعۡضِ اَزۡوَاجِهٖ حَدِیۡثًا ۚ فَلَمَّا نَبَّاَتۡ بِهٖ وَ اَظۡهَرَهُ اللّٰهُ عَلَیۡهِ عَرَّفَ بَعۡضَهٗ وَ اَعۡرَضَ عَنۡۢ بَعۡضٍ ۚ فَلَمَّا نَبَّاَهَا بِهٖ قَالَتۡ مَنۡ اَنۡۢبَاَکَ هٰذَا ؕ قَالَ نَبَّاَنِیَ الۡعَلِیۡمُ الۡخَبِیۡرُ ﴿۳﴾

❂ અને જે વેળા નબીએ પોતાની પત્નીઓમાંથી એક પત્નીને એક વાત ખાનગી રીતે કરી, અને પછી જ્યારે તેણીએ તે ભેદથી (કોઈ બીજીને) વાકેફ કરી દીધી, અને અલ્લાહે તે (નબી)ને એ બનાવની જાણ કરી દીધી ત્યારે નબીએ (તે બીજીને) તેનો કેટલોક ભાગ જણાવ્યો અને કેટલાક ભાગથી અખાડા કર્યા; પછી જ્યારે નબીએ તે (પહેલી)ને તેનાથી વાકેફ કરી ત્યારે તે (આશ્ચર્યથી) કહેવા લાગી કે આપને તે (વિષે)ની ખબર કોણે આપી ? ફરમાવ્યું, મને મોટા જાણનાર (અને) મોટા ખબર રાખનારે (અલ્લાહે) ખબર આપી. **(પારો-૨૮, સૂરા તહરીમ, આયત-૩)**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ એડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૩૩ દુનિયા અને આખેરત વિષે

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

بَلۡ تُؤۡثِرُوۡنَ الۡحَيٰوةَ الدُّنۡيَا ﴿۱۶﴾ وَ الۡاٰخِرَةُ خَيۡرٌ وَّ اَبۡقٰى ﴿۱۷﴾

*(પરંતુ તમે લોકો તો દુન્યવી જીવનને વધારે મહત્ત્વ આપો છો, જો કે વાસ્તવમાં આખેરત ઘણી મજબૂત (ટકાઉ) છે.)*

(સૂરા આ'લા, આયત-૧૬, ૧૭)

(૪૭૪) દુનિયા આખેરતના મુકાબલામાં એના કરતાં વધારે નથી કે તમારામાંથી કોઈ તેની કલમાની આંગળી સમુદ્રમાં ડૂબાડે અને તેના પર લાગેલા પાણીને જુએ તો આખેરતની સરખામણીમાં દુનિયા તે પાણી જેટલી જ છે.

(ઈસ્નાઅશરીયા, સફા-૧૯)

(૪૭૫) દુનિયા એનું ઘર છે કે જેનું કોઈ ઘર નથી અને તેના માટે એ જ વ્યકિત ભેગું કરે છે કે જેનામાં બુધ્ધિ નથી.

(ઉસૂલે કાફી, જિલ્દ-૩)

(૪૭૬) દુનિયા હાંસિલ કરવામાં આખેરતમાં નુકસાન ભોગવવું પડે છે અને આખેરતની કામયાબી માટે દુનિયાનું નુકસાન વેઠવું પડે છે તેથી તમે દુનિયાનું જ નુકસાન વેઠો કેમકે દુનિયા નુકસાન કરવાને પાત્ર છે.

(ઉસૂલે કાફી, જિલ્દ-૩)

(૪૭૭) રસૂલ (સ.) એક એવા માણસ પાસેથી પસાર થયા કે જે સૂઝબૂઝ ખોઈ બેઠો હતો. આપ (સ.)એ લોકોથી પૂછ્યું, "આ કોણ છે ?" લોકોએ જવાબ આપ્યો, "આ એક પાગલ છે." આપ (સ.)એ ફરમાવ્યું, "આ પાગલ નથી, પરંતુ એક દર્દી છે. (પાગલ તો એ છે કે જે આખેરત કરતાં દુનિયાને વધારે મહત્ત્વ આપે.) (રૌઝતુલ વાએઝીન, સફા-૪)

(૪૭૮) દુનિયા મોમિન માટે કેદખાનું છે અને કાફિર માટે જન્નત છે.

(બિહારુલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૫૪)

(૪૭૯) જે બંદો આખેરતને નજર સમક્ષ રાખે છે, અલ્લાહ તેના દિલમાં તવંગરી અને બેપરવાહી નાખી દે છે અને દુનિયા પણ તેને સંપૂર્ણ સન્માન સાથે નમન કરે છે.

(મજાઝાત અલ-નબવિયા, સફા-૧૭૪)

(૪૮૦) દુનિયાની ચાહના દુ:ખ અને અફસોસમાં વધારો કરે છે. જ્યારે પરહેઝગારી ઈખ્તિયાર કરવાથી દિલ અને શરીરને રાહત મળે છે.

(ખિસાલ સદૂક, બાબુલ ઈસ્નૈન, હદીસ-૯૮)

(૪૮૧) આખેરતની ખેતી નેક અમલ છે અને દુનિયાની ખેતી ઓલાદ અને ધનદોલત છે.

(બિહારુલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૮૧)

(૪૮૨) દુનિયાની મોહબ્બત દરેક ગુનાનું પ્રવેશદ્વાર છે.

(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-૧૨૮)

(૪૮૩) દુનિયા માગણી કરનાર છે અને આપનાર પણ છે. દુનિયા આખેરતની ઈચ્છા રાખનારની રાહ જુએ છે કે જેથી તે અહીંથી પોતાની રોજી સંપૂર્ણ રીતે હાંસિલ કરી લે અને આખેરત દુનિયાની ચાહના રાખનારની રાહ જુએ છે ત્યાં સુધી કે તેને મોત આવી જાય.

(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-૧૨૯)

(૪૮૪) અલ્લાહની દ્રષ્ટિમાં જો દુનિયાની હેસિયત માખીની એક પાંખ જેટલી પણ હોત તો તેમાંથી કાફિર કે મુનાફિકને કોઈ વસ્તુ પણ ઈનાયત કરત નહીં. (તુહોફુલ ઉકૂલ, મવાએજુન્નબી)

(૪૮૫) જે બંદો આખેરતના વિચારોમાં રચ્યોપચ્યો રહે તો અલ્લાહ તેના દિલને બેપરવા કરે છે અને તેના માટે રોજીના વસીલા ઉપલબ્ધ કરે છે અને તે દુનિયાથી પોતાની રોજી સંપૂર્ણ રીતે મેળવ્યા સિવાય જતો નથી અને જે બંદો દુનિયાના વિચારોમાં રચ્યોપચ્યો રહે તો અલ્લાહ તેને મોહતાજ બનાવે છે અને તેનાં કામોને અસ્તવ્યસ્ત કરે છે અને દુનિયામાંથી પણ તેને તેના નસીબથી વધારે કાંઈ નથી મળતું.

(તુહોફુલ ઉકૂલ, મવાએજુન્નબી)

(૪૮૬) મારી ઉમ્મતના શ્રેષ્ઠ લોકો તે છે કે જે દુનિયામાં પરહેઝગારી ઈખ્તિયાર કરે છે અને આખેરતની ઈચ્છા રાખે છે.

(ઈસ્નાઅશરીયા)

(૪૮૭) દુનિયાથી સાવધાન રહો. તે હારૂત અને મારૂતથી પણ વધારે જાદુ કરનારી છે.

(મજમુઆ વરામ, જિલ્દ–૧, સફા–૧૩૧)

(૪૮૮) અલ્લાહે દોસ્ત અને દુશ્મન બન્નેને દુનિયા આપી છે અને આખેરત ફક્ત પોતાના દોસ્ત માટે જ છે. બેશક દુનિયાની પણ ફરઝંદી હોય છે અને આખેરતની પણ ફરઝંદી હોય છે. બસ, તમે આખેરતની જ ફરઝંદી અપનાવો અને દુનિયાની ફરઝંદી ન કરો કારણ કે દરેક ફરઝંદ તેની માનું અનુસરણ કરે છે અને દુનિયા જતી રહેવાની છે અને મોઢું ફેરવનારી છે. જ્યારે આખેરત સારી વર્તાણૂક કરનારી અને આગળ વધીને સ્વાગત કરનારી છે. અત્યારે તમે અમલ કરવાના દિવસોમાં છો અને હિસાબ નથી અને ત્યાં હિસાબના દિવસો છે અને કોઈ અમલ નથી.

(ઈર્શાદુલ કુલૂબ, સફા–૨૯)

(૪૮૯) અલ્લાહે દુનિયાને મુસીબતોના ઘર તરીકે જાહેર કરી અને આખેરતને સવાબના ઘર તરીકે જાહેર કરી અને દુનિયાની મુસીબતોને આખેરતના સવાબનું માધ્યમ બનાવ્યું અને આખેરતના સવાબને દુનિયાની મુસીબતોનો બદલો બનાવ્યો. (ઈર્શાદુલ કુલૂબ, સફા–૩૨)

(૪૯૦) જ્યારે કયામતનો દિવસ આવશે તો દુનિયામાં જે કાંઈ અલ્લાહ માટે હશે તેને જુદું પાડવામાં આવશે અને જે અલ્લાહ સિવાય બીજા માટે હશે તેને જહન્નમમાં મોકલવામાં આવશે.

(મજમુઆ વરામ, જિલ્દ–૧, સફા–૫)

(૪૯૧) દુનિયામાં એવી રીતે રહો કે જાણે તમે એક મુસાફર છો અથવા તમે પોતાની જાતને મરેલા લોકોમાં ગણો.

(બિહારૂલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૨૨)

(૪૯૨) જે દુનિયામાં છે તે મહેમાન છે અને જે તેના હાથમાં છે તે તેને અસ્થાયી રીતે આપેલું છે અને મહેમાનોને જતું રહેવું પડે છે અને ઉધાર લીધેલી વસ્તુ પાછી આપવી પડે છે.

(તરાએફુલ હિકમ, જિલ્દ-૧, સફા–૨૨૯)

(૪૯૩) મારું દુનિયાથી શું કામ. દુનિયા ગરમીમાં મુસાફરી કરનાર એક ઘોડેસવાર જેવી છે કે જે થોડા સમય માટે એક વૃક્ષની નીચે વિશ્રામ કરે અને પછી પાછો સફર ઉપર નીકળી પડે.

(મજમુઆ વરામ, જિલ્દ–૨, સફા–૧૪૭)

(૪૯૪) અલ્લાહ જ્યારે કોઈ બંદાને દોસ્ત રાખે છે ત્યારે તેના માટે દુનિયા મુશ્કેલ બનાવે છે જેવી રીતે તમારામાંથી કોઈ બીમારોને પરહેઝ કરાવે છે.

(મજમુઆ વરામ, જિલ્દ–૨, સફા–૩૨)

(૪૯૫) મને એ વ્યકિત પર નવાઈ લાગે છે કે જે દુનિયાની ચાહના રાખે છે જ્યારે મોત તો તેને શોધી રહ્યું છે. (ઈસ્નાઅશરીયા)

(૪૯૬) તે વ્યકિત પર નવાઈ લાગે છે કે જે કાયમી રહેનાર ઘર (આખેરત)ની ગવાહી આપે છે અને દુનિયા માટે પ્રયત્નો કરે છે.

(ઈસ્નાઅશરીયા)

(૪૯૭) તમે તમારી દુનિયા માટે એવી રીતે કામ કરો જાણે કે તમે અહીં કાયમી રહેવાના ન હો અને આખેરત માટે એવી રીતે કામ કરો જાણે આવતીકાલે જ તમારે કૂચ કરવાની છે.

(મજમુઆ વરામ, જિલ્દ–૪, સફા–૨૩૪)

(૪૯૮) જેના માટે દુનિયા અને આખેરત બન્ને હાજર કરવામાં આવે અને તે આખેરતનો ત્યાગ કરીને દુનિયા અપનાવે તો કયામતના દિવસે અલ્લાહથી એવી હાલતમાં મુલાકાત કરશે કે તેના આમાલનામામાં જહન્નમથી બચાવનારી કોઈ નેકી નહીં હોય અને જે દુનિયાનો ત્યાગ કરી આખેરતને અપનાવશે તો અલ્લાહ તેનાથી રાજી થશે અને તેના ગુનાઓ માફ કરશે.

(મજમુઆ વરામ, જિલ્દ–૨ સફા–૨૪૧)




**સંપાદન :** મો.સિરાજઅલી પલસાણીયા (વાઘરોલ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | | ૫ |
| | ■ | | ■ | ૬ | | | ■ | ■ | |
| | ■ | | ■ | | ■ | ૭ | ૮ | | |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | ■ | ૧૨ | ■ | | ■ | |
| ■ | ૧૩ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | ૧૭ | ■ |
| ૧૮ | | | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ |
| ૨૩ | | ■ | ૨૪ | ■ | | ■ | ૨૫ | ■ | |
| | ■ | ૨૬ | | ૨૭ | | ■ | ૨૮ | | |
| ■ | ૨૯ | ■ | ૩૦ | | ■ | ૩૧ | ■ | ■ | |
| ૩૨ | | | | ■ | ૩૩ | | | | |

**::::: આડી ચાવીઓ :::::**

(૧) સમર્થક, તરફેણ કરનાર (૫)
(૪) ઈચ્છા, ઉત્કંઠા, અભિલાષા (૪)
(૬) ચંદ્ર, ગુજરાતીમાં કેડ (૩)
(૭) માણેક, રત્નો, બહુમૂલ્ય પદાર્થો (૪)
(૯) કાંડા સુધીનો હાથ, હાથનો પંજો (૨)
(૧૨) હું, પ્રથમ પુરુષ એક વચન (૧)
(૧૩) દેખાડો, આડંબર, પાખંડ (૪)
(૧૬) દસમી મોહર્રમે ઝોહરના સમયે ઈમામ (અ.) તેમજ અન્ય નમાઝીઓનું રક્ષણ કરતાં શહીદ થનાર (૩)
(૧૮) અટકળ, અંદાજ (૩)
(૧૯) હઝરત મૂસા (અ.)નાં બીબીનું નામ (૩)
(૨૧) સફા–મર્વા વચ્ચેની દોડ (૨)
(૨૩) બહેન માટે વપરાતો બંગાળી શબ્દ (૨)
(૨૬) સચ્ચાઈ, સત્યતા (૪)
(૨૮) એક બરછટ ધાન્ય (૩)
(૩૦) અલ્લાહનો દોસ્ત (૨)
(૩૨) અશુભતા, અમાંગલિકતા (૪)
(૩૩) જન્નતની એક નહેર (૫)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) સંશોધન, તપાસ, ચોકસાઈ (૪)
(૨) ભલાઈ, કલ્યાણ (૩)
(૩) આંકડો, અંક, લખાણ (૩)
(૪) વિનંતી, પ્રાર્થના (૩)
(૫) ધિક્કાર, તિરસ્કાર (૪)
(૬) ઓછું, થોડું, અલ્પ (૨)
(૮) સાચે જ, વાસ્તવમાં, હકીકતમાં (૩)
(૧૦) અન્યાય સામેનો પોકાર, અરજી, દાવો (૪)
(૧૧) માલિક, સ્વામી, શેઠ (૨)
(૧૪) નિરાશા, નાઉમ્મેદી (૨)
(૧૫) ગુસ્સો, ક્રોધ, કોપ (૨)
(૧૬) મકાન, ઘર, મુસાફરખાનું (૨)
(૧૭) બે આંકડાની નાનામાં નાની સંખ્યા (૨)
(૧૮) જૂનું, પુરાણું, પ્રાચીન (૩)
(૨૦) એક પ્રખ્યાત નદીનું નામ (૩)
(૨૨) એક દેશનું નામ કે જ્યાં જૂના કા'બા આવેલા છે. (૫)
(૨૪) દુશ્મની, શત્રુતા, વેર (૪)
(૨૭) કળી, અવિકસિત ફૂલ (૨)
(૨૯) હરણ, મૃગ, એબ (૨)
(૩૧) ઓલાદ, સંતતિ (૨)

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

::::: અનુવાદક :::::
હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## આપ (અ.)થી પૂછવામાં આવેલા અન્ય પ્રશ્નો

જાબિરે પૂછ્યું, માનવીય બુધ્ધિની અક્લે ઈલાહીથી સરખામણી વડે આપ શું કહેવા માગો છો ?

ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, હું માનવીય બુધ્ધિની સરખામણી અક્લે ઈલાહીથી નથી કરી શકતો. કોઈ પણ માણસ આવી સરખામણી કરી શકે નહીં. હું ફક્ત એટલું જ કહેવા માગતો હતો કે અક્લે ઈલાહી માનવીય બુધ્ધિ કરતાં એટલી આગળ છે કે જેનો કયાસ કાઢવો શક્ય નથી અને તેની શ્રેષ્ઠતા કલ્પનામાં પણ આવી શકે નહીં. આ વાત મેં એટલા માટે કરી કે તમને બતાવી શકું કે હું પોતાની બુધ્ધિ પ્રમાણે કાઈનાતના અસ્તિત્વમાં આવવાના કારણને ધ્યાનમાં રાખું છું, એવી બુધ્ધિ પ્રમાણે નહીં કે જેના વિશે હું કંઈ જ નથી જાણતો.

જાબિરે વિચાર વ્યક્ત કર્યો, હું આપનો આશય સમજ્યો નહીં.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, મારા કહેવાનો અર્થ એ છે કે મારી બુધ્ધિ એમ કહે છે કે દરેક વસ્તુના સર્જન પાછળ કોઈને કોઈ કારણ હોય છે અને મારી બુધ્ધિ કોઈ એવી અસરને સ્વીકારતી નથી કે જેનું કારણ ન હોય કારણ કે મારી બુધ્ધિ માનવીય બુધ્ધિ છે અને કદાચ અક્લે ઈલાહીના વિશાળ દાયરામાં કારણ અને અસરનો આ નિયમ બિલકુલ નિરર્થક હોય અને ઈલાહી અક્લ આવશ્યક સમજતી ન હોય કે એક એવું કારણ અસ્તિત્વમાં લાવે કે જેની કોઈ અસર થાય અને આવી રીતે એક નવી પરિસ્થિતિનું સર્જન થાય.

આપણી બુધ્ધિ કારણ અને અસરના અસંબંધને એટલો જરૂરી સમજે છે કે આ સંબંધ સિવાય મખ્લૂકાતના સર્જનની હકીકતને સમજી શકતી નથી અને જ્યારે કોઈ પણ સર્જનને જુએ છે તો તરત જ તેના કારણ સુધી પહોંચવાની કોશિશ કરે છે અને કદાચ અલ્લાહ તઆલાના તંત્રમાં કે જે અલ્લાહ તઆલાના ઈરાદાને આધીન છે, તેમાં સર્જનો કોઈ પણ કારણ વગર અસ્તિત્વમાં આવતાં હોય અને કોઈ પણ કારણ હોવું જરૂરી ન હોય માટે કદાચ આ કાઇનાત કોઈ પણ કારણ વગર જ અસ્તિત્વમાં આવી ગઈ હોય.

જાબિરે પોતાનો વિચાર વ્યક્ત કર્યો, આપે જે કંઈ કહ્યું છે તે હું સારી રીતે સમજી ગયો છું, પરંતુ આપણી બુધ્ધિ માનવીય બુધ્ધિ હોવા છતાંય આપણી પાસે આ બુધ્ધિ વાપરવા સિવાય કોઈ ચારો નથી કે જેના વડે અલ્લાહ તઆલા વિશે ચિંતન કરીએ અને ખાસ કરીને કાઇનાતના સર્જનના કારણ વિશે ચિંતન કરીએ.

હું કંઈ કહી શકતો નથી કે અલ્લાહ તઆલાએ આપણને વધુ શક્તિશાળી બુધ્ધિ કેમ આપી નથી કે જેથી આપણે તેને સારી રીતે ઓળખી લઈએ? આપે કહ્યું તેમ અલ્લાહ તઆલાના તંત્ર સુધી આપણી બુધ્ધિની પહોંચ નથી અને આ વિશે આપણને પ્રશ્નો કરવાનો પણ અધિકાર નથી તેમ છતાંય આપણી આ બુધ્ધિ કે જે અલ્લાહ તઆલાની માઅરેફત માટે આપણો એકનો એક જ વસીલો છે, આપણને કહે છે કે કાઇનાત અને જે કંઈ તેમાં છે તે કોઈ પણ કારણ વગર અસ્તિત્વમાં આવ્યું નથી અને અમે એ કારણની શોધમાં છીએ.

ઈમામ જાફર સાદિક (અ.)એ પોતાનો વિચાર વ્યક્ત કર્યો, આપણી બુધ્ધિ પ્રમાણે તે કારણ અલ્લાહ તઆલાનો કરમ છે કે જેથી મખ્લૂકાતનું સર્જન થાય અને તેઓ જીવનની નેઅમતથી ફાયદો ઉઠાવે. આ સિવાય કોઈ અન્ય કારણ હોય તો તે ફક્ત અલ્લાહ જ જાણે છે અને બસ.

જાબિરે કહ્યું, જે કંઈ આપે ફરમાવ્યું છે તેનાથી હું આ જ વાત સમજું છું કે અલ્લાહ તઆલા અઝલી અને અબદી છે તેની કોઈ શરૂઆત કે અંત નથી. તે કાઇનાતને કાયમી નિયમો હેઠળ ચલાવી રહ્યો છે?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, હા, અય જાબિર.

જાબિરે પૂછ્યું, આવી રીતે તો કાઇનાતના અંત સુધી તેમાં કોઈ નવી ઘટના ઘટશે જ નહીં.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, હા, અય જાબિર ! અલ્લાહ માટે કોઈ નવી ઘટના નથી ઘટતી અને તેનો દાખલો મેં ઘઉંની ખેતી કરવાવાળા ખેડૂતની સાથે આપ્યો છે. પરંતુ કાઇનાતની મખ્લૂકાત કે જેમાં માણસ પણ શામેલ છે તેમના માટે સામે આવવાવાળી દરેક ઘટના નવી હોય છે એટલે સુધી કે ઋતુઓમાં પરિવર્તન પણ તેમના માટે નવી ઘટના હોય છે કારણ કે તેમને બે વસંતઋતુઓ દરેક રીતે જુદી જુદી દેખાય છે.

જાબિરે પૂછ્યું, શું એ શક્ય છે કે કાઇનાતની મખ્લૂકાતમાંથી કોઈ આ કાઇનાત માટે અલ્લાહ તઆલાના ઘડેલા નિયમોનું પાલન ન કરે અને નાફરમાની કરી બેસે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, ના, અય જાબિર ! કાઇનાતની મખ્લૂકાતમાંથી કોઈ પણ એવી નથી કે જે આ કાઇનાત માટે અલ્લાહ તઆલાના ઘડેલા નિયમોની નાફરમાની કરે પછી ભલેને તે મખ્લૂક એક કીડી જ કેમ ન હોય અથવા તો તેના કરતાં પણ નાની કોઈ મખ્લૂક કેમ ન હોય. તે મખ્લૂકાત પણ અલ્લાહની તસ્બીહ કરે છે કે જે મખ્લૂકાત આપણી નજરમાં નિર્જીવ છે. પરંતુ તેના જીવનમાં જે ઉત્સાહ રહેલો છે તે આપણા જીવનના ઉત્સાહ કરતાં ખૂબ જ વધારે છે. આ બધી મખ્લૂકાત અલ્લાહના ઘડેલા નિયમોનું પાલન કરે છે.

જાબિરે સવાલ કર્યો, બીમારી વિશે આપનો શું દૃષ્ટિકોણ છે ? શું અલ્લાહ તઆલા બીમારીઓને માણસો ઉપર મોકલે છે કે પછી બીમારીઓ કોઈ ઘટનાના પરિણામ સ્વરૂપ થાય છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, બીમારીઓના ત્રણ પ્રકારો છે. બીમારીનો પહેલો પ્રકાર એ છે કે જે અલ્લાહની મશિય્યત(ઇચ્છા)ના કારણે આવે છે. તેમાં વૃધ્ધાવસ્થા પણ શામેલ છે. કોઈ પણ માણસ તે બીમારીથી બચી શકતો નથી. એ બધાને પોતાની અંદર લઈ લે છે.

બીમારીનો બીજો પ્રકાર એ છે કે જે માણસની અજ્ઞાનતા કે લાલચના કારણે પેદા થાય છે. જ્યારે કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે ખાવા પીવામાં

અતિરેક ન કરો. જો માણસ ખાવા પીવામાં અતિરેક ન કરે અને થોડાક કોળિયા ઓછા ખાય અને થોડાક ઘૂંટડા ઓછા પીએ તો ક્યારેય પણ બીમારીમાં સપડાશે નહીં.

બીમારીનો ત્રીજો પ્રકાર એ છે કે જે શરીરના દુશ્મનોના કારણે પેદા થાય છે. તેઓ માણસના શરીર ઉપર હુમલો કરે છે, પરંતુ શરીર તેની પૂરી શક્તિ સાથે તેમને લડત આપે છે. જો માણસના શરીરની શક્તિ તેના દુશ્મનોની શક્તિ સામે નિષ્ફળ જાય તો માણસ બીમાર પડી જાય છે, પરંતુ જ્યારે માણસ બીમાર પડી જાય છે ત્યારે પણ શરીર લડત આપી રહ્યું હોય છે અને શરીરની એ લડતના કારણે બીમારીનો અંત આવે છે અને બીમાર સાજો થઈ જાય છે.

જાબિરે પૂછ્યું, શરીરના દુશ્મનો કોણ છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, શરીરના દુશ્મનો એવી નાની નાની મખ્લૂક છે કે જે અત્યંત સુક્ષ્મ હોવાના કારણે જોઈ શકાતી નથી. આ મખ્લૂક શરીર ઉપર હુમલો કરે છે અને શરીરના અંદર પણ એવી નાની નાની મખ્લૂક છે કે જે અત્યંત સુક્ષ્મ હોવાના કારણે જોઈ શકાતી નથી અને શરીરના દુશ્મનોની સામે લડત આપે છે.

જાબિરે પૂછ્યું, બીમારી પેદા કરવાવાળા દુશ્મનો કયા છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો કે તેમના પ્રકારોની સંખ્યા ઘણી વધારે છે. આવી રીતે શરીરનું રક્ષણ કરવાવાળી મખ્લૂકાત પણ અસંખ્ય પ્રકારની છે. પરંતુ જે વસ્તુ તેમને સ્વરૂપ આપે છે તે અસંખ્ય નથી.

જાબિરે કહ્યું, આપની વાત મારી સમજમાં નથી આવી. તેમની સંખ્યા કેવી રીતે ખૂબ જ વધારે છે અને જે વસ્તુ તેમને સ્વરૂપ આપે છે તે અસંખ્ય નથી ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું,જે કિતાબ તમે પઢી રહ્યા છો તેની અંદર હજારો શબ્દો છે અને તે કિતાબમાં દરેક શબ્દ અક્ષરો વડે લખવામાં આવ્યો છે. પરંતુ જે વસ્તુ શબ્દોને સ્વરૂપ આપે છે તે મૂળાક્ષરો અસંખ્ય નથી. તેમની સંખ્યા ગણતરીની છે. આ ગણતરીના મૂળાક્ષરો વડે હજારો શબ્દો લખી શકાય છે કે જેમાંથી દરેક શબ્દ કે દરેક ફકરો વિશેષ અર્થ ધરાવતો હોય છે.

આપણા શરીરના દુશ્મન અને તે દુશ્મનો વિરૂધ્ધ સુરક્ષા પૂરી પાડવાવાળા કોષ તમારી કિતાબના હજારો શબ્દો જેવા છે. પરંતુ બધા ગણતરીના પ્રકારના છે. (જેવી રીતે કે શબ્દો પણ ગણતરીના મૂળાક્ષરથી બનેલા છે.) (ક્રમશઃ)


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૫ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

**અમીન ટૂર્સ**

**હજ - ઉમરા - ઝિયારત**

**આયોજક**

હાજી ગુલામમોહંમદ રસૂલભાઈ ધરખડ (બાદરપુર)

**હજ માટે તેના સમય પ્રમાણે**

ઓફિસ - ૦૨૭૬૧ ૨૯૨૨૪૭

મો - ૯૯૭૯૦ ૨૮૫૩૦

મો - ૯૭૨૪૧ ૨૯૬૯૪

ફેબ્રુ - ૨૦૧૪, માર્ચ - ૨૦૧૪, મે - ૨૦૧૪, જૂન - ૨૦૧૪

# શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત**

## ઝહીર હોસ્ટેલ (સમગ્ર બાવીસી માટે)

મુ. ઝહીરાબાદ, પો. સવગઢ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.
ફોન : ૦૨૭૭૨ - ૨૨૨૩૧૮ મો.૯૪૨૭૬૯૬૯૬૦

હોસ્ટેલ સંચાલન સમિતિ, ઝહીરાબાદ ખૂબ આનંદ સાથે જણાવે છે કે ઝહીર હોસ્ટેલ સફળતાપૂર્વક તેર વર્ષ પૂર્ણ કરીને ચૌદમા વર્ષમાં પ્રવેશ કરે છે. અને રાબેતા મુજબ માહે જૂન-૨૦૧૪થી શરૂ થતા નવા વર્ષ માટે ધો.૮ થી ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. આથી નવા શૈક્ષણિક વર્ષ માટે ઝહીર હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા જૂના તથા નવા તમામ વિદ્યાર્થીઓના વાલીઓને ઝહીર હોસ્ટેલ કાર્યાલયમાંથી પ્રવેશપત્ર મેળવીને મોડામાં મોડા તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં ફી સાથે ફોર્મ ભરી પ્રવેશ મેળવી લેવા નમ્ર વિનંતી છે.

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત**

## ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ (સમગ્ર બાવીસી માટે)

મુ. ઝહીરાબાદ, પો. સવગઢ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.
ફોન : ૦૨૭૭૨ - ૨૨૩૨૨૦ મો.૯૪૨૭૬૯૬૯૬૦

હોસ્ટેલ સંચાલન સમિતિ, ઝહીરાબાદ ખૂબ આનંદ સાથે જણાવે છે કે ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂર્ણ કરીને ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે. અને રાબેતા મુજબ માહે જૂન-૨૦૧૪થી શરૂ થતા નવા વર્ષ માટે ધો.૮ થી ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવશે. આથી નવા શૈક્ષણિક વર્ષ માટે ફાતેમા ગર્લ્સ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઈચ્છતી જૂની તથા નવી તમામ વિદ્યાર્થીનીઓના વાલીઓને ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ કાર્યાલયમાંથી પ્રવેશપત્ર મેળવીને મોડામાં મોડા તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં ફી સાથે ફોર્મ ભરી પ્રવેશ મેળવી લેવા નમ્ર વિનંતી છે.

નોંધ :(૧) વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

(૨) ધો.૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ કે જેમણે ધો.૧૧માટે ઝહીર હોસ્ટેલ/ફાતેમા ગર્લ્સ હોસ્ટલમાં પ્રવેશ મેળવવાનો હોય તેમણે એસ.એસ.સી.નું પરિણામ જાહેર થયા પછી ૭ દિવસમાં પ્રવેશ પત્ર મેળવી ફી સાથે પ્રવેશ મેળવી લેવાનો રહેશે.

(૩) ઝહીર હોસ્ટેલ/ફાતેમા ગર્લ્સ હોસ્ટેલમાં પ્રવેશ અંગે હોસ્ટેલ સંચાલન સમિતિનો નિર્ણય આખરી રહેશે.

(૪) વધુ માહિતી માટે ઉપરોક્ત દર્શાવેલ નંબરે સંપર્ક કરવો.

# سلام بحضور حضرت امام حسینؑ

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

السلام اے دلبرِ زہراؑ و حیدرؑ، اے حسینؑ،
السلام اے نورِ چشمانِ رسولِ مشرقین.

અસ્સલામ અય દિલબરે ઝહરા–ઓ–હૈદર, અય હુસૈન,
અસ્સલામ અય નૂરે ચશ્માને રસૂલે મશરકૈન.

شان تجھ سی اور کوئی کی اس عالَم میں کہاں،
جو حشم تیرا ہے کوئی اور کو حاصل کہاں،
رضواں تیرے در پہ آیا درزی بن کر، اے حسینؑ
السلام اے دلبرِ زہراؑ و حیدرؑ، اے حسینؑ.

શાન તુઝ સી ઔર કોઈ કી ઈસ આલમમેં કહાં,
જો હશમ તેરા હૈ કોઈ ઔર કો હાસિલ કહાં,
રિઝવાં તેરે દર પે આયા દરઝી બન કર, અય હુસૈન
અસ્સલામ અય દિલબરે ઝહરા–ઓ–હૈદર, અય હુસૈન,

تو امیر ابنِ امیر المؤمنیں میرے حسینؑ،
تیرے جیسا اور کوئی بھی نہیں میرے حسینؑ،
السلام اے مصطفیٰؐ کے دیں کے رہبر، اے حسینؑ
السلام اے دلبرِ زہراؑ و حیدرؑ، اے حسینؑ.

તુ અમીર ઈબ્ને અમીરુલ મોમિનીં મેરે હુસૈન,
તેરે જૈસા ઔર કોઈ ભી નહીં મેરે હુસૈન,
અસ્સલામ અય મુસ્તફા કે દીં કે રેહબર, અય હુસૈન
અસ્સલામ અય દિલબરે ઝહરા–ઓ–હૈદર, અય હુસૈન,

ہاں، زبانِ مصطفیٰؐ تیری غذاء پہلی بنی،
خون جب تیرا گرا تو پھر شفا مٹی بنی،
تیرے ہی در سے فرشتوں کو ملے پر، اے حسینؑ
السلام اے دلبرِ زہراؑ و حیدرؑ، اے حسینؑ.

હાં, ઝબાને મુસ્તફા તેરી ગિઝા પહેલે બની,
ખૂન જબ તેરા ગિરા તો ફિર શિફા મિટ્ટી બની,
તેરે હી દર સે ફરિશ્તોં કો મિલે પર, અય હુસૈન
અસ્સલામ અય દિલબરે ઝહરા–ઓ–હૈદર, અય હુસૈન,

تو محمدؐ کا نواسہ، فاطمہؑ کے دل کا چین،
تو حسنؑ کا نور، ابنِ فاتحِ بدر و حنین،
اُمّتِ جد کو دعا دی زیرِ خنجر، اے حسینؑ
السلام اے دلبرِ زہراؑ و حیدرؑ، اے حسینؑ.

તુ મોહંમદ કા નવાસા, ફાતેમા કે દિલ કા ચૈન,
તુ હસન કા નૂર, ઈબ્ને ફાતહે બદ્રો હુનૈન,
ઉમ્મતે જદ કો દુઆ દી ઝેરે ખંજર, અય હુસૈન
અસ્સલામ અય દિલબરે ઝહરા–ઓ–હૈદર, અય હુસૈન,

| | |
|---|---|
| કુફ્ર જિસસે કાંપતા હૈ, ઐસા તેરા નામ હૈ, | کفر جس سے کانپتا ہے، ایسا تیرا نام ہے، |
| ક્યું ન કાંપે તૂ ભી ઈબ્ને કાસિરે અસ્નામ હૈ, | کیوں نہ کانپے تو بھی ابنِ کاسرِ اصنام ہے، |
| અય સખી ઈબ્ને સખી બિન્તે પયમ્બર, અય હુસૈન | اے سخی ابنِ سخی بنتِ پیمبر، اے حسینؑ |
| અસ્સલામ અય દિલબરે ઝહરા–ઓ–હૈદર, અય હુસૈન, | السلام اے دلبرِ زہراؑ و حیدرؑ، اے حسینؑ. |
| હૈદરે કર્રાર કે માહે દો હફ્તા અસ્સલામ, | حیدرِ کرارؑ کے ماہِ دو ہفتہ السلام، |
| ફાતેમા કે લાલ, સિબ્તે શાહે બત્હા અસ્સલામ, | فاطمہؑ کے لعل، سبطِ شاہِ بطحا السلام، |
| કામરાં તુઝ સે હુવા હય દીને સરવર, અય હુસૈન | کامراں تجھ سے ہوا ہے دینِ سرور، اے حسینؑ |
| અસ્સલામ અય દિલબરે ઝહરા–ઓ–હૈદર, અય હુસૈન, | السلام اے دلبرِ زہراؑ و حیدرؑ، اے حسینؑ، |
| અસ્સલામ અય નૂરે ચશ્માને રસૂલે મશરકૈન. | السلام اے نورِ چشمانِ رسولِ مشرقین. |


INDIAN SAFETY SOLUTION

Contact:- M.G.KADIWALA
(IGC-NEBOSH, MECHANICAL ENGG.)
M. : 08866448339
E-mail : indiansafetysolution@gmail.com

ADD:- Plot No. 914, G.I.D.C. Chhatral, Ta. Kalol, Dist. Gandhinagar, Pin-382729. GUJARAT (INDIA)

INDIAN SAFETY SOLUTION



fire Extinguishers


Fire Alarm & Smoke detecoter Systems


Fire Fighting & Hydrant system

- I.S.I. માર્કાના ફાયર–હેસ્ટીંગગ્યુસર (ફાયર બોટલ)ના સપ્લાયર, ઈન્સ્ટોલેશન કરનાર તથા તેના સ્પેર પાર્ટસ અને રીફીલ કરનાર.
- મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂલ્સ મુજબ ફાયર હાઈડ્રન્ટ અને સ્પ્રીન્કલર્સ સીસ્ટમનું ઈન્સ્ટોલેશન કરનાર.
- ફાયર ફાઈટીન્ગ અને સ્પ્રીન્કલર્સ સીસ્ટમના ઈક્વીપમેન્ટના સપ્લાયર્સ (જેવા કે I.S.I. સ્ટાન્ડર્ડ મુજબ હાઈડ્રન્ટ વાલ્વ, હોસપાઈપ, હોસરીલ, વિગેરે)



Industrial Safety Equipment

- કમ્પલીટ ફાયર એલારામ સીસ્ટમના સપ્લાયર તથા ઈન્સ્ટોલેશન કરનાર.
- P.P.E. ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી ઈક્વીપમેન્ટના સપ્લાયર્સ (જેવા કે હેલ્મેટ, હેન્ડગ્લોવઝ, માસ્ક, વિગેરે)
- હોટલ્સ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્પિટલ માટેના સેફ્ટી ડિઝાઈનર, ઈન્સ્ટોલેશન અને સલાહકાર.
- બધી જાતની સેફ્ટી ટ્રેનીંગ (સર્ટીફીકિટ સાથે) અને ઓડીટ માટેના ડોક્યુમેન્ટના આયોજક.

# ઈમામતના વિવાદનો સચોટ અને કાયમી ઉકેલ

**સંકલન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ**

"હે અલ્લાહ ! મારા આ દિવસની શરૂઆતને સચ્ચાઈમય બનાવજે, તેના મધ્યભાગને સમૃધ્ધ બનાવજે અને તેના અંતને સફળ બનાવજે. હું કયામતના દિવસના ભયથી રક્ષણ માટે તારું શરણ ઈચ્છું છું. તે દિવસની શરૂઆત ભયંકર હશે, તેનો મધ્યભાગ ચિંતા હશે અને તેનો અંત દુ:ખદ હશે. હે અલ્લાહ ! હું મારી દરેક ન પળાયેલી પ્રતિજ્ઞા માટે અને ન પળાયેલા વચન માટે તારી માફી ચાહું છું. તારા બંદાઓમાંથી જો કોઈ બંદો જીવિત કે મૃત એવો હોય જેને મારી સામે મેં તેને, તેની ઈજ્જત-આબરૂને, તેની માલમિલકતને, તેની પત્ની અને બાળકોને પહોંચાડેલા નુકસાનને કારણે ફરિયાદ હોય, તેની ગેરહાજરીમાં તેની કરેલી ગીબતને કારણે, તેની સાથે કરેલી કોઈ પણ પ્રકારની ગેરવર્તણૂકને કારણે ફરિયાદ હોય તો તું મોહંમદ (સ.) અને આલે મોહંમદ (અ.) પર દુરૂદ મોકલ, અને મેં જેને દુ:ખ પહોંચાડ્યું છે તેને મારાથી રાજી કર અને સંપૂર્ણપણે સંતુષ્ટ કરી દે."

ઉપરોક્ત ફકરો એક અત્યંત ભાવનાત્મક દુઆનો એક ભાગ છે. આ અલ્લાહની નેઅમતો હાંસિલ કરવા માટે નમ્ર વિનંતી છે. પોતાનો દિવસ અને સમગ્ર જીવન કામયાબ બનાવવા માટે ખાલિકને નમ્ર અરજ છે જેની મદદથી આખેરતમાં કામયાબી મળે. આ દુઆમાંથી એ સંદેશ પ્રાપ્ત થાય છે કે માલિકની મહેરબાની હાંસિલ કરવા માટે બીજાના અધિકારો (હકુકુલ ઈબાદ) અને લાગણી પ્રત્યે બંદાએ સભાન રહેવું જોઈએ. આ દુઆ સૈયદે સજ્જાદ ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ની છે.

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) એક વખત જ્યારે કા'બામાં હજરે અસ્વદને ચૂમવા જઈ રહ્યા હતા ત્યારે લોકો અદબથી બાજુએ ખસી ગયા અને ઈમામ (અ.)ને હજરે અસ્વદ તરફ આસાનીથી પહોંચવાની સગવડતા કરી આપી. આ જોઈને મક્કાનો ગવર્નર હિશામ ઈબ્ને અબ્દુલમલિક તોછડાઈપૂર્વક બોલ્યો,

"આ કોણ છે ?"

તે વખતે અરબી ભાષાના પ્રખ્યાત શાયર ફરઝદક ત્યાં જ હાજર હતા તેમણે ઈમામ (અ.) વિષે કેટલાક શેઅર પઢ્યા જેનો ભાવાર્થ નીચે મુજબ છે :

"તે એ છે કે જેના કદમોની પહેચાન દરેક જગ્યાને છે. તે એ છે કે જે કા'બા માટે અજાણ્યો નથી. તે અલ્લાહના સૌથી ઉત્તમ બંદાનો ફરઝંદ છે. તે અલી ઈબ્નુલ હુસૈન છે. જેના નાના રસૂલ (સ.) છે."

આમ ઘણી બધી પંક્તિઓમાં ઈમામની માઅરેફત બયાન કરતી શાયરી તેમણે બયાન કરી.

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ના સમયમાં જ કિસાનીયા ફિકરાના લોકોએ ઈમામત વિષે વિવાદ ઊભો કર્યો. તેમનો વિચાર કરબલાના વાકેઆ પછી ઈમામ અલી (અ.)ના ફરઝંદ મોહંમદ હનફીયાને ઈમામ હુસૈનના વારસ તરીકે નીમવાનો હતો. તે લોકો સારી રીતે જાણતા હતા કે ઈમામત કે ખિલાફત ફક્ત અલ્લાહ તરફથી જ હોય છે અને તેમાં ચૂંટણી કે

નિયુક્તિ જેવી બાબતોનો બિલકુલ અવકાશ હોતો જ નથી. તેમ છતાં તેમણે દાવો રજૂ કર્યો. જો કે મોહંમદ હનફીયા પોતે ઈમામતનો દાવો કરતા ન હતા, પરંતુ ફક્ત તે લોકોના સંતોષ ખાતર જ ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) અને જનાબ મોહંમદ હનફીયા બન્ને બુઝુર્ગોએ હજરે અસ્વદ પાસે ચૂકાદો લેવાનું નક્કી કર્યું. નક્કી થયા મુજબ પહેલાં મોહંમદ હનફીયા (રઝી.) હજરે અસ્વદ તરફ આગળ વધ્યા પરંતુ તેમને કોઈ જવાબ મળ્યો નહીં. ત્યારબાદ ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) આગળ વધ્યા. આ વખતે અલ્લાહના હુકમથી હજરે અસ્વદમાંથી ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ની તરફેણમાં ચુકાદો આપતો સ્પષ્ટ અવાજ સંભળાયો. (અલ એહતેઝાજ, અલ કાફી, બિહારુલ અન્વાર, ભાગ-૧૧)

આમ આ વિવાદનો શાંતિમય અને કાયમી ઉકેલ મળી ગયો.


મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)

મંઝર ચશ્માઘર
Manzar Optical


• નંબરના ચશ્મા
• બેલ્ટ
• ફેન્સી ગોગલ્સ
• પર્સ
• સનગ્લાસના ચશ્મા
• સ્પ્રે-અત્તર

L-5, આકાશગંગા કોમ્પલેક્ષ,
નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.



BLUECROSS
LABORATORY
precise medical analyses

લોહી તથા પેશાબ ની તપાસ (Investigation) માટે ઉપલબ્ધ સેવાઓ




નોંધ :- લોહી તથા પેશાબના તમામ ટેસ્ટ વ્યાજબી દરે કરી આપવામાં આવશે.

પ્રો.ઈમદાદઅલી હસનભાઈ ભટ્ટ (જેઠીપુરા)

બ્લ્યુક્રોસ લેબોરેટરી

L/30 આકાશગંગા કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડની બાજુમાં, હિંમતનગર, જિ. સા.કાં.
(ઓ.) ૦૨૭૭૨-૨૪૦૧૨૧, મો. ૯૪૨૬૪ ૧૮૬૮૬ E-mail: bluecrosslabhmt@gmail.com

MAKTABAH JAFARIYAH
Knowledge & Research Academy

# એપીટમી ડેરી

પ્રસ્તુતકર્તા : એપીટમી ડેરી ફાર્મ (મકતબા જાફરીયા), ડૉ.નજરઅલી એચ. માંકણોજીયા (કાકોશી)

## પશુ પોષણ અને તેનું મહત્ત્વ

**સમતોલ દાણ :**

સમતોલ દાણ એટલે કે એવું દાણ કે જેમાં સારી ગુણવત્તાવાળા પ્રોટીન, કાર્બનહાઈટ્રેડ, ચરબી, મીનરલ તેમજ વિટામીન જેવા પોષકતત્વોનું પ્રમાણ યોગ્ય માત્રામાં હોય.

ગાયને તેના વજનના ૨-૨.૫% સૂકા પદાર્થની (ડ્રાય મેટર) જરૂરી પડે છે જ્યારે ભેંસને તેના વજનના ૨.૫ – ૩% સૂકા પદાર્થની (ડ્રાય મેટર) જરૂર પડે છે.

**દૂધાળ ગાય ભેંસનો દૈનિક આહાર (૧૦ લીટર દૂધ આપતાં જાનવર માટે) :**

લીલો ચારો – ૨૦ કિ.ગ્રા.

સૂકો ચારો – ૬ કિ.ગ્રા. (ખાઈ શકે તેટલો)

સમતોલ દાણ - નિભાવ માટે ૨ કિલોગ્રામ

દૂધ ઉત્પાદન માટે ગાય – ૩.૫ કિલોગ્રામ

ભેંસ – ૫ કિલોગ્રામ

## અવૈકલ્પિક પશુ આહાર

અવૈકલ્પિક પશુ આહાર એટલે કે જ્યારે ઘાસચારાની અછત હોય અથવા તો પૂરતા પ્રમાણમાં ઘાસચારો ઉપલબ્ધ ન હોય તેવા સમયે રસાયણિક પ્રક્રિયા કરી સાચવી રાખેલા ઘાસચારાનો ઉપયોગમાં આવતા આહારને અવૈકલ્પિક પશુઆહાર કહે છે.

**સાઈલેજ (અથાણું) :** આ પ્રક્રિયામાં જ્યારે લીલો ઘાસચારો વધુ ઉપલબ્ધ હોય ત્યારે તેને નાના નાના ટુકડા કરી તેમાં ગોળનું પાણી તથા મીનરલ મિક્ષ્ચર પાઉડર, નમક ઉમેરી પહેલેથી તૈયાર કરેલા સાઈલો (ખોડો)માં નાખી ઉપરથી હવાચુસ્ત બંધ કરી દેવામાં આવે છે. આ રીતે લાંબા સમય સુધી સાચવી રાખવાથી તેમાં આથો આવીને લીલા ઘાસનું અથાણું તૈયાર થાય છે જે લીલા ઘાસચારાની અછત હોય ત્યારે જાનવરને આપવાથી તેને પૂરતા પ્રમાણમાં પોષકતત્વો મળી રહે છે.

**યુરિયા પ્રક્રિયા :** સામાન્ય રીતે યુરિયા ખાવાથી પોઈઝન (ઝેર)ની અસર થાય છે. પણ જો યુરિયાને પ્રમાણસર ઉપયોગ કરવામાં આવે તો તેમાંથી સારા પ્રમાણમાં નાઈટ્રોજન મળે છે જે દૂધાળા જાનવરોના નિભાવવા માટે ઉપયોગી નીવડે છે. સામાન્ય રીતે ડાંગરનું પરાળ કે ઘઉંનું પરાળ પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. પરંતુ આમાં પોષકતત્વો ઘણા ઓછા પ્રમાણમાં હોય છે અને પ્રોટીનનું પ્રમાણ પણ ૪%થી ઓછું હોય છે. જો આ પરાળની યુરિયા જોડે પ્રક્રિયા કરવામાં આવે તો એની પૌષ્ટિકતા વધે છે અને પ્રોટીનનું પ્રમાણ પણ લગભગ ૯% થઈ જાય છે. (ક્રમશ:)

**આ અંકમાં મો.અહમદઅબ્બાસ બાલવા (નૂર આર્ટ–સેદ્રાણા)એ બનાવેલ ડિઝાઈનનો ઉપયોગ કરવામાં આવેલ છે.**

Zakir Hussain Y. Batti (Badarpur)
**98 79 66 20 66**

Aashiqali H. Momin (Dhroda)
**99 749 87 901**




PLASTIC CONTAINER | PACK LUCH TRAY | PACK LUCH COVER



PLASTIC SPOON | PLASTIC BAG | GARBAGE BAG



SILVER CONTAINER | Up Side Square & Owl Lid



SILVER FOIL | PAPER NAPKIN | TOOTHPICKS

**ALL TYPES OF RESTAURANT DISPOSABLE MATERIAL AVAILABLE**

# PERENNIAL PACKAGING

17, Aeroma Estate, B/h. Samrat Hotel, Nr. City Puls, Sarkhej Road,
Ahmedabad - 380055, Email : perennialpack@gmail.com

**Customer Care No.: 99 241 44 429, 99 798 68 429**

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૨૩

**ઈમામ હસનકી કુનીઅત, એસી હે કેહતે,**
**અબી મોહંમદ નામસુ, સબ પછાન હે લેતે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે હઝરત ઈમામ હસન (અ.)ની કુન્નિયત 'અબૂ મોહંમદ' હતી અને એ ઉપનામથી આપને ઓળખવામાં આવતા હતા.)

**અને લકબ અનુકા, રઝા* રે કે'લાયા,**
**એ લકબસુ સબુને નામ સહી રે પાયા.**

(ઈમામ હસન (અ.)નો લકબ 'રઝા' કહેવામાં આવતો હતો અને બધાએ તેમના નામ સાથે આ લકબ જોડી દીધો હતો.)

**કે મુરતઝા અલી, બાપ રે જાનો,**
**બીબી ફાતેમા તુઝ ઝેહરા, માતા રે પીછાનો.**

(હઝરત ઈમામ હસન (અ.)ના બાપનું નામ હઝરત અલી મુર્તઝા (અ.) હતું અને માતાનું નામ હઝરત બીબી ફાતેમાતુઝ ઝહરા (અ.) હતું.)

**સો ચાલીસ ને આઠ, કહીએ રે સાલા,**
**ઈમામ હસનકી ઉમ્મરકા, એતા હુવા રે હાલા.**

(ઈમામ હસન (અ.)ની ઉંમર અડતાલીસ વર્ષની હતી. આપની ઉંમરની પરિસ્થિતિ આ મુજબ હતી.)

**અને બરસ દસ, કીતી ખીલાફત જાનો,**
**સો બાદશાહી કેરા, એ હિસાબ રે માનો,**

(અને ઈમામ હસન (અ.)એ દસ વર્ષ સુધી ખિલાફત કરી હતી તે જાણો. (દીનની) બાદશાહીનો હિસાબ આવો હતો તેવું માનજો.)

**સુનો અનુકો મારનાર, ઓરત સુણાહી,**
**સો જોઅદા નામસુ, ખબર રે પાહી,**

(એવું સાંભળવા મળ્યું છે કે હઝરત ઈમામ હસન (અ.)ને મારનારી એક સ્ત્રી હતી અને તેનું નામ જોઅદા હતું તેવી ખબર મળી છે.)

**સો અશઅસ કેરી, બેટી રે કહીએ,**
**સહી ઈમામકી મારનાર, એ રે લહીએ.**

(તે જોઅદા નામની સ્ત્રી અશઅસની બેટી હતી અને એ સાચું છે કે ઈમામને મારનારી તે હતી.)

**એને ઝેર તો દીયા, ઈમામ કી જાતી,**
**તબ વફાત રે પાઈ, એ સહી રે બાતી.**

(એ વાત સાચી છે કે જ્યારે તે સ્ત્રી જોઅદાએ ઈમામને ઝેર આપ્યું તેનાથી ઈમામ હસન (અ.) વફાત પામ્યા હતા.)

**સો કબર અનુકી, મદીને કે માહાં,**
**યુ સબ જગો લખીયા, ઓર ઠામ રે નાહાં.**

(ઈમામ હસન (અ.)ની કબર મુબારક મદીનામાં આવેલી છે એવું દરેક જગ્યાએ કિતાબોમાં લખેલું છે. તેમની કબર બીજે ઠેકાણે આવેલી નથી.)

**સો ઈમામ હુસેનને, દફન કરાએ,**
**સો બકીએ કે માંહી, ઉસ દિન રે સુણાએ.**

(જ્યારે ઈમામ હસન (અ.)ની વફાત થઈ તો એ

*રઝા = અલ્લાહની મરજીમાં રાજી રહેનાર.

જ દિવસે ઈમામ હુસૈન (અ.)એ આપની લાશ મુબારકને જન્નતુલ બકીમાં દફન કરી હતી.)

**એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી,**
**અને નેહસુ કહો, દન ઓર રાતી.**

**-: રે તુહી. :-**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે અય મોમિનો ! તમે આ વાત સાંભળીને તમારી જાતને પાક કરો અને દિવસ અને રાત મોહબ્બતની સાથે અલ્લાહને યાદ કરો.)

**કુનીઅત ઈમામ હસનકી,**
**અબી મોહંમદ નામ રે, અબી મોહંમદ નામ;**
**રઝા લકબ થા અનુકા,**
**બુઝતે સબ ગામ ઠામ રે, બુઝતે સબ ગામ ઠામ.**

(ઈમામ હસન (અ.)ની કુન્નિયત અબૂ મોહંમદ હતી અને આપનો લકબ રઝા હતો. આ બાબત બધી જગ્યાએ લખેલી છે.)


**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

:::::::: ઓર્થોરાઈઝ ડીલર ::::::::

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ
**ઈલેક્ટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

**ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે**

૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન
૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**

મો. સાદિકઅલી આર. ભોરણીયા
(રસુલપુર ખે.)મો.99244 18243

મો.આબિદઅલી ડી. સુથાર
(શેખપુર ખે.)મો.9898435809

**કામરાન એક્રેલીક**

**& L.E.D. સાઈન બોર્ડ**




- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફલેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ

**હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે**

**ઓફીસઃ ન્યુ ચીરાગ L.E.D. હાઉસ બસ સ્ટેન્ડ પાસે વડનગર**

Email ; newchiragled@gmail.com

# જીભની નવાઈ પમાડે તેવી વાતો

જીભ પોતાની આગવી રીતે માનવ શરીરનો ખૂબ જ અગત્યનો અને નવાઈ પમાડે તેવો અવયવ છે અને તેના માથે ખૂબ જ સખત જવાબદારીઓ પણ છે. તે ખોરાકને ગળી જવામાં મદદ કરવા ઉપરાંત તેને ચાવવામાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. તે વારંવાર ખોરાકના કોળિયાને દાંતોના હથોડાઓની નીચે ધકેલતી રહે છે, પરંતુ તે આ કાર્યને એવી કુશળતાપૂર્વક બજાવી લાવે છે. તે હંમેશાં પોતાની જાતને તે દાંતોની પાસે અને દાંતોની સાથે સતત ચોંટેલી રહેવા છતાં દાંતોના પ્રહારોથી સુરક્ષિત રાખે છે.

કેટલીક વખતે તો આકસ્મિક રીતે ખોરાકને ચાવતી વખતે આપણે આપણી જીભને પણ ચાવી નાખીએ છીએ તો આપણા મોઢામાંથી ચીસ નીકળી પડે છે અને આપણે એ બાબત સમજી જઈએ છીએ કે જો કદાચ જીભમાં કચડાઈ જવાથી બચવાની કુશળતા ન હોત તો આપણા ઉપર કેવી મુસીબત આવી પડત.

કેટલીક વાર તો ખોરાક ખાધા પછી મોઢાના વાતાવરણને અને દાંતોને પાક સાફ કરે છે અને જેમ આપણે ઘરને ઝાડૂથી સાફ કરીએ તેમ તે મોઢાને ઝાડૂની માફક સાફ કરી દે છે.

વળી આ બધાં કાર્યોથી વધારે મહત્ત્વનું કાર્ય તો વાતચીત કરવાનું કાર્ય છે કે જે ઝડપથી વાતચીત કરતી વખતે વારે ઘડીએ છ દિશાઓમાં આમથી તેમ હલનચલન કરીને તે કાર્ય પાર પાડે છે.

ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે અલ્લાહ તઆલાએ વાતચીત કરવા માટે અને બોલવા માટે માણસોને એક એવો વસીલો આપ્યો છે કે જે ખૂબ જ સરળ અને સહેલો અને બધાના કાબૂમાં છે. એનાથી ન તો કોઈ થાક લાગે છે કે ન તો કંઈ રંજ કે દુઃખ થાય છે કે ન તો કંઈ ખર્ચ થાય છે. વળી એના કરતાં પણ વધારે અજબ બાબત માણસમાં વાતચીત કરવાની ક્ષમતાનો મસઅલો એ છે કે માણસની રૂહમાં અમાનત મૂકી દેવામાં આવી હોય. માણસ વિવિધ પ્રકારની મર્યાદાઓથી વધારે પોતાના મકસદોને બયાન કરવા માટે ખૂબ જ જુદી જુદી પધ્ધતિઓમાં, વધુમાં વધુ શબ્દોની ગોઠવણી કરી શકે છે. વળી તેના કરતાં પણ વધારે મહત્ત્વની વાત તો જીભમાં વિવિધ ભાષાઓ અને બોલીઓ બોલવાની ક્ષમતા છે. અને તે હજારો ભાષાઓ તથા બોલીઓ કે જે દુનિયામાં મોજૂદ છે તેના પર વિચાર કરવાથી જીભનું મહત્ત્વ સ્પષ્ટ થઈ જાય છે. આ બધું જાણીને તો આપના મોઢામાંથી આ શબ્દો સરી પડે કે-

اَلْعَظَمَةُ لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّار

*(અઝમત અને બુઝુર્ગી તો એક માત્ર મહાન શક્તિશાળી અલ્લાહ માટે જ છે.)*

દુકાન
૯૦૩૩૧૨૭૪૪૦

આબિદઅલી મુખી
૯૯૭૯૦૮૮૦૧૮

# યાદગાર હોજીયરી

## એન્ડ કટલરી સ્ટોર્સ

(વાઘરોલવાળા)

અમારે ત્યાં હોટલના કટલરી સ્ટોર્સ પર વેચાતી તમામ હોઝીયરી વેરાયટી મળશે.
નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, બનીયાન, ટુવાલ, અંડરવેર, હાથરૂ માલ, પગમોજા, સોલાપુરી ચાદર, લુંગી, ગમછા, પીળા ડસ્ટર, નેપકીન, મફલર, અશોકા રૂમાલ, જોકી અંડરવેર, જોકી બનીયાન, ગરમ બ્લેન્કેટ, ગરમ ટોપી, વગેરે વેરાયટી હોલસેલ ભાવે મળશે.

અમારો હેતુ સમાજના હિતમાં છે અને હંમેશાં રહેશે.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન હોટલની બાજુમાં, ગાંધી રોડ (ફુવારા), અમદાવાદ-૩૮૦૦૦૧**

# ફાતેમા ટૂર્સ

**કાશ્મીર ટૂરનું આયોજન કરેલ છે.**

**પ્રવાસના દિવસો :** ૧૨ થી ૧૪
**સંભવિત તારીખ :** ૨૮-૦૫-૨૦૧૪ (ઇન્શાઅલ્લાહ)
**પેસેન્જરની સંખ્યા :** ૫૦

પ્રવાસના સ્થળો : જોતપુર, અમૃતસર, વાઘા બોર્ડર, જમ્મુ, શ્રીનગર, કુલ્લુ, મનાલી, શીમલા, દિલ્હી, આગ્રા, જયપુર, ફતેપુર સિકરી વગેરે...

**::::: વધુ વિગત માટે સંપર્ક કરો :::::**
આબિદહુસૈન વાય. મસી (કિશોરગઢવાળા)
મો.૯૪૨૮૬ ૪૩૯૫૨
ગાલિબઅલી એચ. ખાણશિયા (કિશોરગઢવાળા)
મો.૮૧૨૮૩ ૬૨૨૮૦
ગુલામહૈદર એન. ડોડીયા (કેસરપુરાવાળા)
મો.૯૩૭૬૪ ૧૨૭૯૯

**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- → કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.
- → લેપટોપ વેચાણ અને રીપેરીંગ.
- → જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.
- → કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.
- → દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.
- → Hotels & office & college CCTV Camera installation

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

# કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૩** **સૂરા તતફીફ**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અફસોસ છે તે દિવસે તે જૂઠલાવનારાઓ માટે. (૧૦)**

**કે જેઓ ફેંસલાના દિવસને જૂઠલાવે છે. (૧૧)**

**અને તેને બીજું કોઈ જૂઠલાવતું નથી, સિવાય કે દરેક અત્યાચારી ગુનેગાર. (૧૨)**

**કે જ્યારે તેની સામે અમારી આયતો પઢવામાં આવે છે ત્યારે કહે છે કે આ તો આગલાઓની કહાણીઓ છે. (૧૩)**

દસથી તેરમી આયતોનો ભાવાર્થ એ છે કે માથા ફરેલ અને ગુનેગાર લોકો કયામતનો ઈન્કાર કરે છે કારણ કે કયામતના પૂછાણાનો ભય તેમના ઐયાશ ભરેલા જીવનમાં નડતરરૂપ છે અને તેઓ પહેલેથી જ કયામતનો ઈન્કાર કરે છે અને તે લોકો કહે છે કે આ કુરઆન તો ભૂતકાળમાં થઈ ગયેલા લોકોની મનઘડત કહાણીઓ છે કે જેનો સચ્ચાઈ સાથે કોઈ સંબંધ નથી, જેનો કુદરત આગલી આયતમાં જવાબ આપે છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **નહીં, નહીં વાત આ છે કે જે કૃત્યો તેઓ કર્યા કરતા હતા તેનાથી તેમનાં અંતઃકરણો પર કાટ ચઢી ગયો છે. (૧૪)**

**એટલું જ નથી, (બલ્કે) તે દિવસે તેઓ તેમના પરવરદિગાર (ની રહેમત)થી પણ વંચિત રહેશે. (૧૫)**

**પછી ખચીત જ તેઓ ભડભડતી આગમાં પણ દાખલ થશે. (૧૬)**

**પછી તેમને કહેવામાં આવશે કે જેને તમે જૂઠલાવ્યા કરતા હતા તે આ જ છે. (૧૭)**

જ્યારે ઈન્સાન ગુના કરે છે તો તેના દિલમાં એક કાળું ટપકું થઈ જાય છે પછી ફરી ગુના કરે છે તો બીજું ટપકું થઈ જાય છે. પછી જેમ જેમ ગુના કરતો જાય છે તેમ તેમ દિલમાં કાળાશ વધતી જાય છે પછી તેવી વ્યક્તિ તોબા કરી શકતી નથી. રિવાયતમાં છે કે દરેક ઈન્સાનના દિલમાં સફેદ ડાઘ હોય છે. પછી જ્યારે તે ગુના કરે છે તો તેમાં કાળો ડાઘ થઈ જાય છે, પણ તે જો તોબા કરે તો તે કાળાશ દૂર થઈ જાય છે અને વધારે પ્રમાણમાં ગુના કરતો જાય તો બધી સફેદી દૂર થઈ જાય છે અને કાળાશ વ્યાપી જાય છે અને તે પછી તે નેકી કરી શકતો નથી.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **આ પણ સાંભળી રાખો કે બેશક સદાચારીઓનું લખાણ ઈલ્લીયીનમાં હશે. (૧૮)**

**અને તને શી ખબર કે ઈલ્લીયીન શું છે ? (૧૯)**

**તે એક લખેલું લખાણ છે (કે જેમાં**

**સદાચારીઓની કરણી લખેલી છે. (૨૦)**

**જેને અલ્લાહની બારગાહના નજીકવાળા (ફરિશ્તા) જોતા રહે છે. (૨૧)**

**બેશક સદાચારી લોકો મેવાવાળી જન્નતોમાં હશે. (૨૨)**

**સિંહાસનો પર બેઠાં બેઠાં નિરક્ષણ કરતા હશે. (૨૩)**

**તેમના ચેહરા પર તું આનંદની લહેર પારખી કાઢશે. (૨૪)**

**તેમને સિલબંધ નિર્ભેળ પીણું પીવડાવવામાં આવશે. (૨૫)**

**જેની મહોર કસ્તૂરીની હશે અને ઈચ્છા ધરાવનારાઓએ તેવા (પીણા)ની ઈચ્છા રાખવી જોઈએ. (૨૬)**

**અને તેમાં તસ્નીમનું પાણી મિશ્રિત હશે. (૨૭)**

**આ એક ઝરણું છે કે જેમાંથી (અલ્લાહના) નિકટ બંદાઓ પાન કરશે. (૨૮)**

ફુજ્જાર (બદકાર) લોકોના મુકાબલામાં નેક લોકોનું વર્ણન છે કે તેમની કિતાબ ઈલ્લીયીનમાં હશે એટલે ઊંચા દરજ્જાઓમાં હશે કે જ્યાં મોમિનોની રૂહોનું રહેઠાણ છે. ઈલ્લીયીનના અર્થમાં પણ જુદા જુદા કોલ છે. (૧) ઈલ્લીયીનનો અર્થ જન્નત (૨) ઊંચા દરજ્જા (૩) અને અમુકે કહ્યું છે કે લીલા ઝબર્જદની તખ્તી છે કે જે અર્શની નીચે છે અને જેમાં મોમિનોના આમાલ લખાય છે. (૪) એક રિવાયતમાં છે કે ઈલ્લીયીન સાતમા આસમાનમાં અર્શની નીચે છે.

كِتٰبٌ مَّرْقُوْم આ કિતાબની સિફત છે જેવી રીતે કે પહેલે આવી ચૂકયું છે અને રિવાયત છે કે જ્યારે ઈલ્લીયીનવાળાઓ જન્નતની તરફ જોશે તો જન્નત ચમકી ઉઠશે અને કહેશે કે આજે ઈલ્લીયીનના રહેવાવાળાઓ અમને જોઈ રહ્યા છે.

مَّخْتُوْم એટલે કે સીલ કરેલ પીણું એવી મહોર કે જે કસ્તૂરીની લાગેલી એટલે કે શરાબ ખુશ્બૂવાળી હશે, બદબૂવાળી નહીં હોય. જો દુનિયાનો માણસ પોતાની આંગળી તેમાં ડૂબાડીને બહાર કાઢે તો જમીનના બધા ઈન્સાનો અને હયવાનો તેની સુગંધ પ્રાપ્ત કરશે. હદીસમાં છે કે ગરમીમાં રોઝા રાખનારાઓને રહીક શરાબ આપવામાં આવશે અને હઝરત રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે અય અલી! જે શખ્સ દુનિયામાં શરાબ છોડી દેશે તેને ખુદા મહેશરના દિવસે તે રહીક પીણું પીવડાવશે અને એ શરાબમાં તસ્નીમની શરાબ પણ મેળવવામાં આવશે જેથી તેના સ્વાદમાં વધારો થશે.

તસ્નીમ એક એવા પીણાનો ઝરો છે કે જેને ખાસ જન્નતીઓ કે જે વધારે માનવંતા હશે તેઓ પીશે અને સામાન્ય જન્નતીઓને જે શરાબ આપવામાં આવશે તેમાં તસ્નીમનું પીણું ભેળવેલું હશે. તસ્નીમનું ખાલિસ પીણું નહીં હોય. તસ્નીમ જન્નતના ઉચ્ચ દરજ્જાના પીણાનું નામ છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **બેશક જે લોકો ગુનેગાર હતા તેઓ ઈમાન લાવનારાઓની હાંસી ઉડાવ્યા કરતા હતા. (૨૯)**

**અને જ્યારે તે (ઈમાનદારો) તેમની પાસેથી પસાર થતા ત્યારે આપસમાં (ટકોર કરીને) આંખ મારતા હતા. (૩૦)**

**અને જ્યારે પોતાના બાલ બચ્ચાઓમાં પાછા ફરી આવતા ત્યારે ઈતરાતા આવતા હતા. (૩૧)**

**અને જ્યારે તેઓ તે (મોમિનો)ને નિહાળતા**

**ત્યારે કહેતા હતા કે બેશક આ એ જ લોકો છે કે જે ગુમરાહ છે. (૩૨)**

**અને તે (મોમિનો)ને તેમના પર નિગેહબાન બનાવીને મોકલવામાં આવ્યા ન હતા. (૩૩)**

**તો આજના દિવસે તે લોકો કે જેઓ ઈમાન લાવ્યા છે તે નાસ્તિકોની હાંસી ઉડાડશે. (૩૪)**

**સિંહાસનો પર બેસી નિરીક્ષણ કરશે. (૩૫)**

**(અને કહેશે કે) ભલા નાસ્તિકોને તેઓ જે કાંઈ કર્યા કરતા હતા તેનો (પૂરેપૂરો) બદલો મળી ગયો કે ? (૩૬)**

**اِنَّ الَّذِيْنَ اَجْرَمُوْ** (એ લોકો કે જે ગુનેગાર હતા) મુજરિમોથી મુરાદ મુનાફિક છે અને 'આમનૂ'થી મુરાદ હઝરત અલી (અ.) છે અને બીજી રિવાયતમાં છે કે અબૂ જહલ, વલીદ બિન મોગિરા અને આસ બિન વાયલ જ્યારે અસ્હાબે નબી પાસેથી પસાર થતા હતા જેમકે જનાબે અમ્માર, જનાબે અબ્બાસ અને જનાબે બિલાલ, વગેરે પાસેથી પસાર થતા હતા તો તેઓ આપસમાં સહાબીઓની મશ્કરી કરતા હતા અને દરેક રીતે તેમની બેઈઝ્ઝતી કરતા અને તેમને ગુમરાહ કહેતા હતા તો તેમના જવાબમાં અલ્લાહ કહે છે કે આ લોકો કંઈ મોમિનો ઉપર દેખભાળ રાખનારા નથી કે આવી વાતો કરે છે.

કયામતના દિવસે જ્યારે મોમિનો જન્નતમાં જશે અને કાફરો જહન્નમમાં જશે ત્યારે મોમિનો પણ કાફરોની મશકરી કરશે અને પોત પોતાના તખ્ત ઉપર બેસીને એ જહન્નમીઓને સળગતા જોશે અને આપસમાં કહેશે કે કુફ્ફારને તેમની કરણીનો બદલો મળી ગયો.


આબિદઅલી 98793 97529
ગુલામઅલી 98798 52727

# અમીટી ટ્રેડર્સ

UltraTech CEMENT The Engineer's Choice

Binani Industries Limited

ખીલાસરી, એંગલ, ચેનલ, પાટાપટ્ટી, લોખંડની પાઈપ, સિમેન્ટની વિવિધ ડિઝાઈનની જાળીઓ તમામ પ્રકારના થાંભલા નાની મોટી સિમેન્ટની ટાંકીઓ, બારી બારણાની ફ્રેમ, કોટાસ્ટોન, સિમેન્ટના પતરાં તથા ગેલ્વે પતરા, કપચી તેમજ મકાનના બાંધકામને લગતી તમામ આઈટમો છુટક તથા હોલસેલના વહેપારી.

**ઉમરૂ ચાર રસ્તા, મકતબા જાફરીયાની સામે, કાકોશી રોડ, તા. સિધ્ધપુર.**




'બોસ્તાન'માંથી ચૂંટેલી પંક્તિઓ

**BENEVOLENCE (ભલમનસાઇ/પરગજાપણું)**

شنیدم که فرماندهی دادگر
قبا داشتی هر دو روی آستر
یکی گفتش: ای خسرو نیکروز
ز دیبای چینی قبایی بدوز
بگفت: این قَدَر ستر و آسایش است
وزین بگذری، زیب و آرایش است
نه از بهر آن میستانم خراج
که زینت قنبر خود و تخت و تاج
چو همچون زنان حُله در تن کنم
به مردی کجا دفع دشمن کنم؟
مراهم زصد گونه آز و هواست
و لیکن خزینه نه تنها مراست
خزاین پُر از بهرِ لشکر بود
نه از بهرِ آذین و زیور بود

**શનીદમ કે ફર્માનદહી દાદગર**
**કબા દાશ્તી હર દો રવી આસ્તર**
**યકી ગુફ્તશ : અય ખરૂ નેકરોઝ**
**ઝ દયાબાથી ચીની કબાયી બદોઝ**
**બગુફ્ત : ઐન કદર સેતરો આસાયશ અસ્ત**
**વ ઝીન બગુઝરી, ઝૈબો આરાયશ અસ્ત**
**ના અઝ બહ્ર આન મિસ્તાનમ ખરાઝ**
**કે ઝીનત કમ્બર ખુદો તખ્તો તાજ**
**ચૂ હમચૂન ઝનાન હુલ્લા દર તન કુનમ**
**બે મર્દી કુજા દફ્અ દુશ્મન કુનમ ?**
**મરાહિમ ઝ સદ ગૂના આઝો હવાસ્ત**
**વ લેકીન ખઝીના ના તન્હા મરાસ્ત**
**ખઝાયન પુર અઝ બહરે લશ્કર બૂદ**
**ના અઝ બહરે આઝીનો ઝેવર બૂદ.**

(મેં સાંભળ્યું છે કે એક ન્યાયી હાકિમની પાસે પાતળા કાપડમાંથી બનાવેલું એક પહેરણ હતું. એક માણસે તેને કહ્યું, "અય નેક નામદાર બાદશાહ ! તમારા માટે ચીનના કિનખાબના કપડામાંથી પહેરણ બનાવડાવો." તેણે જવાબ આપ્યો, "મેં જે પહેરણ પહેર્યું છે તે મારા શરીરને ઢાંકવા અને રાહત માટે કાફી છે. આના કરતાં વધારે સારું હોય તો તે માત્ર શણગાર અને સજાવટ માટે છે. હું મારી જાતને, મારા તાજને અને મારી રાજગાદીને શણગારવા માટે કર ઉઘરાવતો નથી. જો હું સ્ત્રીઓના પોશાકથી મારી જાતને શણગારું તો હું દુશ્મનોને પાછા કેવી રીતે હઠાવી શકું ? મારે પોતાને પણ સેંકડો ઇચ્છાઓ અને ઝંખનાઓ છે પરંતુ રાજ્યનો ખજાનો કંઈ મારા એકલાનો નથી. ખજાનાની પેટીઓ ભરેલી છે અને તે લશ્કરના નિભાવખર્ચ માટે છે. તે પેટીઓ કંઈ મારી જાતને સુંદર રીતે શણગારવા માટે નથી.)

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**પાંચ બાબતોમાં આંહઝરત (સ.)ની આલનું આંહઝરત (સ.)ની સાથે સમાન હોવું.**

ચોથી બાબત એ છે કે જેમાં આંહઝરત (સ.) ની સાથે આપની અહલેબૈતને શરીક અને સમાન કરી દીધા છે તે છે સદકાને હરામ થઈ જવો તે છે. જનાબે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે સદકો મોહંમદ અને આલે મોહંમદ પર હલાલ નથી.

જનાબે હુસૈન (અ.)થી મરવી છે કે આપ (અ.) એ ફરમાવ્યું કે અમે મોહંમદ (સ.)ની આલ છીએ. અમારા ઉપર સદકો હલાલ નથી.

અબૂ હુરૈરા (રઝી.અ.)થી મન્કૂલ છે કે જનાબે હસન (અ.)એ એક ફળ સદકાના ફળોમાંથી લઈને પોતાના મોઢામાં મૂકી દીધું. આંહઝરત (સ.)એ કચ કચ કહ્યું જેથી તે નીચે નાખી દે. પછી ફરમાવ્યું, તું જાણતો નથી કે આપણા માટે સદકો હલાલ નથી.

પાંચમી બાબત કે જેમાં આંહઝરત (સ.) ની સાથે આપ (સ.)એ અહલેબૈતને શરીક અને સમાન ગણ્યા છે તે છે મોહબ્બત. અલ્લાહ તઆલા ફરમાવે છે, કહી દો, યા રસૂલલ્લાહ ! ઈતાઅત કરો, મારો અલ્લાહ તમને દોસ્ત રાખશે અને હઝરતની અહલેબૈતની બાબતમાં ફરમાવ્યું છે કે અય મોહંમદ કહી દો કે નથી માગતો હું એનો કોઈ બદલો પરંતુ મોહબ્બત કરાબતદારોની.

**ફઝાએલે આલ (અ.) વિષે હદીસો**

(૧) અમશ અબી વાએલથી નાકિલ છે કે તે કહે છે કે મેં અબ્દુલ્લાહ બિન મસઊદના કુરઆન શરીફમાં આ આયતને એવી રીતે પઢી છે કે અલ્લાહે આદમ અને નૂહ અને આલે ઈબ્રાહીમ અને આલે ઈમરાન અને આલે મોહંમદને દુનિયાથી બરગુઝીદા કર્યા છે.

સલમાનથી રિવાયત છે કે જાણી લો કે આલે મોહંમદ (સ.) શરીર ઉપરના સરની મંઝેલત ધરાવે છે અને જનાબે અલી (અ.) આંખની મંઝેલત ધરાવે છે તેથી ખરેખર શરીર સર ઉપર રસ્તો પામતો નથી સિવાય કે સરનો સાથ હોય અને સર રસ્તો નથી જોતું સિવાય કે આંખનો સાથ હોય.

(૨) અને અલ્લાહ તઆલાના કોલમાં કે જેનું ભાષાંતર આ મુજબ છે કે (દેખાડ અમને રસ્તો સીધો) મુસ્લિમ બિન હબાન કહે છે કે મેં અબૂ બુરૈદાથી સાંભળ્યું છે કે તે કહેતા હતા કે સિરાતે મુસ્તકીમથી મુરાદ મોહંમદ (સ.) અને તેમની આલનો રસ્તો છે.

(૩) અબ્દુલ્લાહ બિન મસઊદ (રઝી.અ.) થી રિવાયત છે કે જનાબે રસૂલે પાક (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે આલે મોહંમદ (સ.)ની સાથે એક દિવસની મોહબ્બત કરવી એક વર્ષની ઈબાદત બરાબર છે અને

જે માણસ તેના પર મર્યો તે જન્નતમાં દાખલ થશે.

(૪) જનાબે અમીરુલ મોમિનીન અલી બિન અબી તાલિબ (અ.) બયાન ફરમાવે છે કે આંહઝરત (સ.)એ ફરમાવ્યું કે જે શખ્સ મોહંમદ (સ.) અને આલે મોહંમદ (સ.) પર એકસો વખત દુરૂદ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એકસો હાજતો પૂરી કરે છે.

(૫) ઈબ્ને અબ્બાસ (રઝી.અ.) રિવાયત કરે છે કે હઝરત રિસાલત પનાહ (સ.)એ ઈર્શાદ કર્યો છે કે અગર કોઈ માણસ રુક્ન અને મકામની વચ્ચે પોતાના બન્ને કદમો પર ઊભો થઈને રોઝો રાખે અને નમાઝ પઢતો રહે પછી અલ્લાહને જઈને મળે તેમ છતાંય જો તે આલે મોહંમદ (સ.)થી બુગ્ઝ રાખતો હોય તો તે દોઝખમાં દાખલ થશે.

(૬) અબ્દુલ્લાહ બિજલી કહે છે કે જનાબે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે જે માણસ આલે મોહંમદની મોહબ્બત પર મર્યો તે શહીદ મર્યો અને જે માણસ આલે મોહંમદની મોહબ્બત પર મર્યો તે નજાત સાથે મર્યો અને જે માણસ આલે મોહંમદની મોહબ્બત પર મર્યો તે જન્નતની તરફ મંદગતિથી ચાલનાર હશે જેવી રીતે કે દુલ્હન પોતાના દુલ્હાના ઘરની તરફ મંદગતિએ જતી હોય છે અને જે માણસ આલે મોહંમદની મોહબ્બત પર મર્યો તે કયામતના દિવસે આવશે તો તેના કપાળ ઉપર અલ્લાહની રહેમતની આયત લખેલી હશે અને જે માણસ આલે મોહંમદના બુગ્ઝ પર મરશે તે કાફિર મરશે અને જે માણસ આલે મોહંમદના બુગ્ઝ પર મર્યો હશે તે જન્નતની બૂ સુધ્ધાં સૂંઘશે નહીં.

(૭) મુજાહિદ ઈબ્ને અબ્બાસથી નકલ કરે છે કે જ્યારે અલ્લાહ તઆલાએ આદમ (અ.)ને પેદા કર્યા અને તેમના શરીરમાં પોતાની રૂહને નાખી તો હઝરત આદમ છીંકીને ઈલ્હામે રબ્બાનીથી અલ્લાહનો શુક્ર બજાવી લાવ્યા. અલ્લાહે યર્હમોકલ્લાહનો જવાબ આપ્યો. પછી જ્યારે ફરિશ્તાઓએ હઝરત આદમને સજ્દો કર્યો તો હઝરત આદમે નવાઈ પામીને અલ્લાહથી અરજ કરી કે શું કોઈ મખ્લૂકને તેં મારાથી વધારે પ્રિય કરી છે ? અલ્લાહથી તેનો જવાબ ન મળ્યો. પછી ફરીથી અરજ કરી તો પણ જવાબ ન મળ્યો. આવી રીતે ત્રીજી વખત પૂછ્યું અને જવાબ ન મળ્યો. ચોથી વખત સવાલ કર્યો, અય પરવરદિગાર ! તે ખાસને મને બતાવ કે કોણ છે. ખુદાએ તઆલાએ અર્શના પડદાવાળા ફરિશ્તાઓને પડદા ઉઠાવવાનો હુકમ કર્યો. જ્યારે તેમણે પડદા ઉઠાવ્યા તો અર્શની સામે પાંચ સૂરતો નજરે પડી. આદમે કહ્યું, અય પરવરદિગાર ! આ બુઝુર્ગવારો કોણ છે ? બારીક તઆલાએ ઈર્શાદ કર્યો, આ મારા નબી છે અને આ અમીરુલ મોમિનીન અલી છે અને આ મારા નબીની


## સ્ટાફ જોઈએ છે.

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.)ના રોઝાના સંકુલમાં આવેલ મશાયખી બોયઝ હોસ્ટેલ માટે જૂન–૨૦૧૪થી શરૂ થતા સત્ર માટે નીચે જણાવ્યા મુજબના સ્ટાફની જરૂર છે.

**રેક્ટર :** વિદ્યાર્થીઓની ફી તેમજ હોસ્ટેલના રસોડાના ખર્ચનો આવક–જાવકનો હિસાબ રાખી શકે તેવા ઓછામાં ઓછું એસ.એસ.સી. પાસ, ઉંમર ૪૫ વર્ષ અથવા તે કરતાં વધારે.

**રસોઈયા :** અંદાજે ૬૫ થી ૭૦ વિદ્યાર્થીઓની રસોઈ બનાવી શકે તેવા મોમિન ભાઈ–બહેન. અનુભવીને પહેલી પસંદગી આપવામાં આવશે.

રહેવા–જમવાની સગવડ તેમજ પગાર આપવામાં આવશે. રસ ધરાવતા વ્યક્તિએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

મોબાઈલ:૯૪૨૬૬૭૭૫૦૦/૯૪૨૭૭૩૦૪૨૯

બેટી ફાતેમા છે અને આ હસન અને હુસૈન, અલીના બન્ને બેટા છે અને આ લોકો જ સૌથી પહેલાં પેદા થયા છે. તેમને જોઈને આદમને ખુશી થઈ. પછી જ્યારે આદમથી ગુનાહિત કાર્ય થઈ ગયું તો આદમે કહ્યું, અય મારા પરવરદિગાર ! હું આ પંજેતન પાકને વસીલો બનાવીને અરજ કરું છું કે તું મારી ખતાથી દરગુજર ફરમાવ. પછી અલ્લાહે હઝરત આદમને બક્ષી દીધા. તો આ કિસ્સો છે કે જેનો અલ્લાહ તઆલાએ કુરઆનમાં ઝિક્ર કર્યો છે (પછી તે શીખી લીધા આદમે પોતાના રબ પાસેથી કેટલાક કલમા અને તોબા કરી તેમના ઝરીઆથી) પછી જ્યારે આદમને જમીન પર ઉતારી દેવામાં આવ્યા તો તેમણે એક અંગૂઠી બનાવીને તેના પર મોહંમદ રસૂલુલ્લાહ (સ.) નું ચિહ્ન કોતરી દીધું અને હઝરત આદમ (અ.)ની કુન્નિયત અબૂ મોહંમદ થઈ ગઈ.


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૪ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

**ઝહીર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**

ઉમરા ઝિયારત પ્રોગ્રામ

૧૦–૫–૨૦૧૪ : ૪૦ દિવસ

:::: આયોજક::::

**હાજી માસૂમઅલી રસૂલભાઈ નાગલપરા (કેસીમ્પા)**
મો. ૯૪૨૭૬ ૮૩૯૩૦ / ૯૫૭૪૭ ૬૮૪૨૯
ઓફિસ : ૦૨૭૬૧ ૨૨૩૦૬૩

**હાજી ઈસ્માઈલભાઈ રસૂલભાઈ નાગલપરા (કેસીમ્પા)**
મો. ૯૫૭૪૯ ૯૯૭૩૫ / ૯૯૦૯૬ ૭૬૯૫૩



**અમદાવાદના મુસ્લીમ વિસ્તારમાં 2 BHK અને 3 BHK ફ્લેટની સ્કીમ**

AYMAN park
2 & 3 BHK Flats

**N.A., N.O.C. અને**
**ટાઈટલ ક્લીયર**
**બે લીફ્ટની સુવિધા**
**વિશાળ પાર્કીંગ**
**ચીલ્ડ્રન પ્લે એરીયા**
**સીનીયર સીટીઝન સીટીંગ**



**અયમન પાર્ક**

**હસનઅલી એચ. પટાવટ**
**૯૮૨૫૯ ૦૫૫૪૩**

**જી. કે. પટાવટ**
**૯૮૨૫૦ ૪૫૨૫૩**

**મયસમઅલી હોલ્ડા**
**૯૯૦૯૯ ૪૧૪૨૯**

**અનીક હોમ્સની બાજુમાં, ૧૦૦ ફુટ રીંગ રોડ, ટી.પી. સ્કીમ નં. ૮૫, સરખેજ રોડ, અમદાવાદ.**

Life Line
Surgicare
care for Life

હિંમતનગર ખાતે શુભારંભ...

# લાઇફ લાઇન સર્જીકેર

એન્ડોસ્કોપી અને લેપ્રોસ્કોપી હોસ્પિટલ

## ડૉ. આબિદઅલી એમ. ખણુસીયા

એમ.અસ (સર્જન)
એન્ડોસ્કોપીસ્ટ અને લેપ્રોસ્કોપીસ્ટ
કન્સલ્ટન્ટ સર્જન

ડીપ્લોમા ઇન મિનીમલ એક્સેસ સર્જરી, વર્લ્ડ લેપ્રોસ્કોપી હોસ્પિટલ, ગુડગૉવ
ફેલોશીપ ઇન લેપ્રોસ્કોપી, મેક્સ હોસ્પિટલ, દિલ્લી
ફેલોશીપ ઇન એન્ડોસ્કોપી, ઇન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ એન્ડોસ્કોપી, મુંબઇ

**: ઉપલબ્ધ સુવિધાઓ :**

- અત્યાધુનિક ટેકનોલોજીથી સુસજ્જ ઓપરેશન થીયેટર
- અન્નનળી, જઠર અને આંતરડાની બિમારીઓ (ગેસ અને એસીડીટી) ની સારવાર
- લાંબા સમયની કબજીયાત અને કોઇ પણ પ્રકારના વધુ પડતા ઝાડાના નિદાન માટે એન્ડોસ્કોપીની સુવિધા (દૂરબીનથી તપાસ)
- પિત્તાશય, એપેન્ડીક્સ અને અન્ય રોગોની સારવાર માટે લેપ્રોસ્કોપીથી(દુરબીનથી) ઓપરેશનની સુવિધા
- સારણગાંઠ, હાઇડ્રોસીલ, થાઇરોઇડ અને સ્તન ને લગતા રોગોની સારવાર
- કેન્સર ને લગતા રોગોનું નિદાન અને સારવાર
- પ્રોસ્ટેટ ગ્રંથી, પથરી, પેશાબને લગતા રોગોના સારવારની સુવિધા
- ફેફસાની બિમારીઓ માટે જરૂર પડે તો છાતીમાં નળી નાખવાની સુવિધા (ICD)
- ખત્ના (સુન્નત), બાળકોને થતા સારણગાંઠ ના ઓપરેશન ની સુવિધા

ડો. ગોપલાણીના હોસ્પિટલની ઉપર, આરોગ્યનગર, હિંમતનગર-૩૮૩ ૦૦૧.
ફોન : (૦૨૭૭૨) ૨૪૦૪૨૯, મો. ૯૯૦૯૯૩૦૪૨૯



મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ

# અલ ઈર્શાદ

## ખૈબરનો જંગ

હુદૈબિયા પછી ખૈબરના જંગની શરૂઆત થઈ. આ જંગમાં પણ કોઈ શંકા કે સંદેહ વગર એવું કહી શકાય છે કે તેની ફતેહ હઝરત અલી (અ.)ની કોશિશનું પરિણામ હતું. રાવીઓના બયાનોથી જે નિષ્કર્ષ નીકળે છે તેનાથી સ્પષ્ટપણે જાહેર થાય છે કે આપ (અ.)ને જબરદસ્ત કામયાબી મળી હતી. અને આવા પ્રકારની અનુપમ સફળતા કયારેય પણ કોઈ બીજા માણસને મળી ન હતી.

(યહ્યા બિન મોહંમદ અઝદીએ મસઅદા બિન યસ્અના હવાલાથી, તેમણે અબ્દુલ્લાહ બિન અબ્દુર્રહીમના હવાલાથી અને તેમણે અબ્દુલમલક બિન હાશિમના અને મોહંમદ બિન ઈસ્હાકના અને બીજા હદીસ લખનારાઓના હવાલાથી બયાન કર્યું છે કે જેનું બયાન એ છે કે)

જ્યારે પયગમ્બરે ખુદા (સ.) ખૈબરની નજીક આવ્યા તો આંહઝરત (સ.)એ લોકોને રોકી દેવાનો હુકમ કર્યો. બધા લોકો થંભી ગયા. એ વખતે આંહઝરત (સ.)એ પોતાના બન્ને હાથોને આસમાનની તરફ બુલંદ કર્યા અને ઈરશાદ ફરમાવ્યો,

“અય અલ્લાહ ! તું જ સાતેય આસમાનોનો માલિક છે. અને તેમની વચ્ચે જે કંઈ છે તે બધું તારા સાયાની નીચે છે. અય સાત જમીનોના પરવરદિગાર! બધું જ તારા ઈશારાથી થાય છે. અય પરવરદિગાર ! આ શયતાનો લોકોને ગુમરાહીના રસ્તા પર લઈ જઈ રહ્યા છે. અય અલ્લાહ ! તારી આગળ મારી એ દુઆ છે કે આ ગામડાંને તારી પનાહમાં રાખ અને ભલાઈ કર. હું તારી પનાહમાં રહેવા ઈચ્છું છું કે જે અહીં શર છે તેનાથી અને તમામ ગુનાઓથી.”

ત્યાર પછી આંહઝરત (સ.) એક ઝાડના નીચે તશરીફ લાવ્યા. આપ (અ.)એ ત્યાં કયામ કર્યો અને આપની સાથે બધા લોકોએ કયામ કર્યો. એવી રીતે આખો દિવસ પસાર થઈ ગયો. બીજા દિવસે બપોરના સમયે પયગમ્બરે ખુદા (સ.)નો કાસિદ આવ્યો. અને અમને બધા જ લોકોને એકઠા થવાનું કહ્યું. અને અમે બધા લોકો આંહઝરત (સ.) ની આજુબાજુ એકઠા થઈ ગયા. આંહઝરત (સ.)ની નજીક એક માણસ બેઠેલો હતો. આંહઝરત (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો,

“આ માણસ એવા સમયે મારી પાસે આવ્યો છે કે જ્યારે હું સૂઈ રહ્યો હતો. તેણે મારી તલવાર ઉઠાવી અને બોલ્યો, “અય મોહંમદ ! આજે કોણ એવો છે કે જે તમને મારાથી બચાવી શકે તેમ છે ?

મેં તેને કહ્યું, અલ્લાહ તારાથી મને બચાવી શકે છે.'' ત્યાર પછી તેણે તલવાર મ્યાનમાં મૂકી દીધી અને તે સમયથી લઈને અત્યાર સુધી તે આ જગ્યાએ બેઠેલો છે અને તેણે જરા પણ હલનચલન કર્યું નથી.''

અમે લોકોએ કહ્યું,

''અય અલ્લાહના રસૂલ (સ.) ! કદાચ તેના ઝહનમાં બીમારી હોય.''

પયગમ્બરે ઈસ્લામ (સ.)એ જવાબ આપ્યો,

''હા. તેને તેના હાલ પર છોડી દો.''

આટલું કહીને આંહઝરત (સ.) ત્યાંથી ચાલ્યા ગયા. અને તે માણસની તરફ કંઈ ધ્યાન આપ્યું નહીં. પયગમ્બરે ખુદા (સ.)એ ખૈબરનો ઘેરો વીસ દિવસો સુધી ચાલુ રાખ્યો. અત્યાર સુધી અલમ અમીરુલ મોમિનીન (અ.)ની પાસે હતો, પરંતુ આંખો દુ:ખવાના કારણે તેઓ જંગના મેદાનમાંથી પાછા આવી ગયા. તેના પછી મુસલમાનોએ યહૂદીઓના કિલ્લાઓ પર સામેની બાજુએથી અને જમણી અને ડાબી બાજુએથી હુમલા કર્યા. એક દિવસ તેઓ કિલ્લાના દરવાજા સુધી પહોંચી ગયા, પરંતુ યહૂદીઓએ ખંદક ખોદી દીધેલી હતી. મુસલમાનોના મુકાબલા માટે મરહબ સામે આવ્યો. તે ઘોડા ઉપર સવાર થયેલો ન હતો, પરંતુ જંગની તૈયારી સાથે આવ્યો હતો.

પયગમ્બરે ઈસ્લામ (સ.)એ અબૂ બક્રને બોલાવ્યા અને તેમને કહ્યું,

''અલમ લઈ લો.''

તેઓ અલમ લઈને ઘણા બધા મુહાજિરીન સાથે આગળ વધ્યા. જંગ શરૂ થયો, પરંતુ કોઈ પરિણામ ન આવ્યું. તે લોકો ચાકોચોબંદ પાછા આવ્યા અને તે લોકોની બૂરાઈ કરવા લાગ્યા કે જેઓ તેમની સાથે ગયા હતા. તેનાથી વિપરીત તેમના સાથીઓએ તેમને બૂરાભલા કહેવાનું શરૂ કરી દીધું. એ દિવસ પૂરો થઈ ગયો. બીજા દિવસે ઉમરને હુકમ આપવામાં આવ્યો. હજુ તો વધારે સમય વીત્યો પણ ન હતો ત્યાં તો તેઓ પણ અલમ લઈને પાછા આવી ગયા. અને પોતાના સાથીઓ પર આરોપ લગાવવા લાગ્યા કે મુસલમાનો બુઝદિલ છે. જ્યારે કે તેમના સાથીઓએ તેમને બુઝદિલ બતાવ્યા. ત્યાર પછી પયગમ્બરે ઈસ્લામ (સ.)એ કહ્યું,

''આ અલમ એ હાથોમાં શોભતો નથી કે જે લોકો પોતાના સાથીઓને બુઝદિલ કહે છે. આ અલમના હકદાર તો અલી ઈબ્ને અબી તાલિબ છે.''

પરંતુ આંહઝરત (સ.)ને બતાવવામાં આવ્યું,

''પરંતુ તેમની આંખો દુ:ખી રહી છે.''

આંહઝરત (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો,

''તેમને મારી પાસે લાવો. તેઓ અલ્લાહ અને તેના રસૂલ (સ.) સાથે મોહબ્બત કરે છે, અને અલ્લાહ અને તેનો રસૂલ (સ.) તેનાથી મોહબ્બત કરે છે. તેમના હાથે જ સાચો રસ્તો મળશે. તેઓ જંગમાંથી નાસી નહીં જાય.''

તે લોકો અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ને આપ (અ.)ની ખિદમતમાં લાવ્યા. તેમને જોઈને આંહઝરત (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો,

''અય અલી ! તમને શું તકલીફ છે ?''

આપ (અ.)એ ફરમાવ્યું,

''મારી આંખો દુ:ખી રહી છે (આંખોમાં ઘણું

દર્દ છે.) જેના કારણે મને કંઈ દેખાતું નથી. અને દર્દને લીધે માથું ફાટી રહ્યું છે.''

આંહઝરત (સ.)એ કહ્યું,

''બેસી જાઓ. તમે હવે તમારું માથું મારા ખોળામાં મૂકી દો.''

આવો હુકમ સાંભળીને અમીરુલ મોમિનીન (અ.)એ એ મુજબ કર્યું. પયગમ્બરે ખુદા (સ.)એ આપ (અ.)ની શિફા માટે દુઆ માગી. આંહઝરત (સ.)એ પોતાના હાથમાં લુઆબે દહન લીધું અને આપ (અ.)ની આંખોમાં અને માથા પર લગાવી દીધું. આપ (અ.)એ પોતાની આંખો ખોલી નાખી અને માથાનું દર્દ પણ ગાયબ થઈ ગયું. પયગમ્બર (સ.)એ જે દુઆ માગી હતી તે આ મુજબ હતી :

''અય અલ્લાહ ! ગરમી અને ઠંડીને તેમના ફરમાબરદાર બનાવી દે.''

આંહઝરત (સ.)એ અલમ આપ (અ.) ના હાથમાં આપ્યો. એ દિવસે અલમનો ફરેરો સફેદ હતો. આંહઝરત (સ.)એ એવો પણ ઈર્શાદ ફરમાવ્યો કે,

''અલમ લઈને જંગના મેદાનની તરફ જાઓ. જિબ્રઈલ તમારી સાથે સાથે છે. ફતેહ અને ઝફર તમારી સામે છે અને દુશ્મનોનાં દિલ હેબતથી ધ્રૂજી રહ્યાં છે. અય અલી ! તમને ખબર છે કે દુશ્મનોએ પોતાની મઝહબી કિતાબમાં વાંચ્યું છે કે જે તે લોકોને (યહૂદીઓને) હરાવી દેશે તેનું નામ 'એલીયા' હશે. જ્યારે તમે તેમની સામે પહોંચો તો કહેજો, ''હું અલી છું'', આ સાંભળીને તેઓ જંગના મેદાનમાંથી પીછેહઠ કરી દેશે, ઈન્શાઅલ્લાહ.'' (ક્રમશઃ)


મોહંમદઅલી ૯૯૦૯૩ ૪૯૫૯૨

હિફઝુર દાંત્રેલીયા ૯૯૭૯૯ ૨૯૪૨૯

**નવજીવન પ્રિન્ટીંગ પ્રેસ & કમ્પ્યૂટર ગ્રાફિક્સ**

**૨૧ વર્ષ પૂર્ણ કરી ૨૨મા વર્ષમાં પ્રવેશ**

- ❖ ઓફસેટ પ્રિન્ટીંગ
- ❖ લગ્ન કંકોત્રી
- ❖ આમંત્રણ કાર્ડ
- ❖ મેનુ, સ્ટીકર
- ❖ મલ્ટીકલર પ્રિન્ટીંગ
- ❖ દાવત કાર્ડ
- ❖ કોમ્પ્યુટર જોબવર્ક
- ❖ વિ. કાર્ડ, બિલબુક
- ❖ સ્ક્રીન પ્રિન્ટીંગ
- ❖ લેટર પેડ, પેમ્ફલેટ
- ❖ બુક બાઈંડીંગ
- ❖ કવર, બુકલેટ

**ધાર્મિક તથા દરેક પ્રકારની બુકોનું પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.**

કેશરપુરા. તા. ઇડર, સાબરકાંઠા.
ફોન : ૦૨૭૭૮-૨૪૨૨૫૪



ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩

બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭

(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**

**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં **LED** મુવીંગ ડીસપ્લે, **LED** ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક **& LED** બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે **LED** સીરીઝ, **LED** પટ્ટા, **LED** બોર્ડ તેમજ **LED**ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

અકબરઅલી
ફોન : ૦૨૭૭૨ - ૨૪૮૩૯૭
મો. : ૯૪૨૮૬ ૪૬૪૨૯


Bhagyoday
DAIRY



દુધ • દહીં • ઘી • છાશ • પનીર • લસ્સી
પેડા • હલવો • બાસુંદી • શ્રીખંડ • કેરીનો રસ (મેન્ગો મિલ્ક શેક)

ભાગ્યોદય ડેરી, બગીચા વિસ્તારના નાકે,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.

શબ્બીરઅલી – ૯૭૨૪૬ ૯૩૧૪૩
હૈદરઅબ્બાસ – ૯૫૩૭૨ ૩૩૭૦૬

# નવજીનવ ફેબ્રીકેશન




લોખંડના ખાટલા, પલંગ, સેટી, પલંગ, ટેબલ
તથા ઘોડીયા બનાવનાર અને વેચનાર.
ઓર્ડર પર પુરતુ ધ્યાન આપવામાં આવશે.

ગામ–મેતા, તા. વડગામ, જિ. બનાસકાંઠા (સનનગર)



# મીર અનીસના મરસિયા

મરસિયા—૨

مرثیہ-۲

**જનાબે ઝૈનબ (અ.)ના ફરઝંદો : ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

**جنگ و شہادت عونؑ و محمدؑ پسرانِ حضرتِ زینبؑ**

ہاتھوں سے شجاعوں کے کرے پڑتے تھے ہتھیار　　داہنے میں تو لیتے تھے سپر بائیں میں تلوار
لشکر میں جو تھے سہرۂ آفاق کماندار　　خود بنتے تھے تیروں کا نشانہ وہ خطاکار
رعشہ تھا سراپا کو تو لغزش تھی نظر کو
پیکاں تو ادھر رکھتے تھے سوفار اُدھر کو

**૨૦**
**હાથોં સે શુજાઓં કે કરે પળતે થે હથિયાર　　દાહિને મેં તો લેતે થે સિપર, બાયેંમેં તલવાર**
**લશ્કરમેં જો થે સહ્રએ આફાક કમાનદાર　　ખુદ બનતે થે તીરોંકા નિશાના વો ખતાકાર**
**રોઅશા થા સરાપાકો તો લગ્ઝિશ થી નઝરકો**
**પૈકાં તો ઈધર રખતે થે સૌફાર ઈધર કો**

(બહાદુરોના હાથોમાંથી હથિયારોના કરા પડતા હતા. જમણા હાથમાં તો ઢાલ લેતા હતા અને ડાબા હાથમાં તલવાર પકડતા હતા. લશ્કરમાં હજારોની સંખ્યામાં દુનિયા પર વિજય મેળવનાર તીરંદાજો હતા, પરંતુ તે અપરાધીઓ પોતે જ તીરોનાં નિશાન બનતા હતા. તેમનાં આખાં શરીર કાંપતાં હતાં તો તેમની નજરમાં પણ ધ્રુજારી હતી. તીર મૂકવાનાં ભાથાં આ બાજુ રાખતા હતા તો તીરોને પેલી બાજુ રાખતા હતા.)

جب آن پڑی برچھیوں والوں سے لڑائی　　چھوٹے نے کہا آپ ٹھہر جائیے بھائی
تنہا میں دکھاؤں انہیں ہاتھوں کی صفائی　　یہ کہتے ہی راہوار کی باگ اس نے اُٹھائی
کثرت سپہِ شام کی کم کر کے پھر آیا
اِک حملے میں سر کتنے قلم کر کے پھر آیا

**૨૧**
**જબ આન પળી બરછીયોંવાલોં સે લળાઈ　　છોટે ને કહા આપ ઠહર જાઈએ ભાઈ**
**તન્હા મેં દિખાઉં ઈન્હેં હાથોંકી સફાઈ　　યે કહેતે હી રાહવારકી બાગ ઉસને ઉઠાઈ**

**કસ્રત સિપહે શામકી કમ કર કે ફિર આયા**
**એક હમ્લે મેં સર કિત્ને કલમ કર કે ફિર આયા**

(જ્યારે બરછીઓવાળા દુશ્મનો સાથે લડવાનું આવ્યું તો નાના ભાઈએ કહ્યું કે ભાઈ ! જરા થંભી જાઓ. હું એકલો જ તેમને મારા હાથની સફાઈ બતાવી દઉં. આટલું કહીને તેણે પોતાના ઘોડાની લગામ ઉઠાવી. શામના સિપાહીઓની સંખ્યા ઓછી કરીને તે ભાઈ આવ્યો. એક જ હુમલામાં કેટલાયનાં સર કલમ કરીને પાછો આવ્યો.)

دم لیتا تھا جب ایک ہزاروں کو بھگا کر     تب دوسرا گرتا تھا کمانداروں پہ جا کر
پھر آتا تھا جب وہ انہیں دریا سے ہٹا کر     جاتا تھا پیادوں پہ یہ گھوڑے کو اٹھا کر
اسواروں سے ہمّت کی عناں چھوٹ گئی تھی
کیا لڑتے کہ لشکر کی کمر ٹوٹ گئی تھی

**દમ લેતા થા જબ એક હઝારોંકો ભગા કર** ૨૨ **તબ દૂસરા ગિરતા થા કમાંદારોં પે જાકર**
**ફિર આતા થા જબ વો ઉન્હેં દર્યા સે હટા કર** **જાતા થા પ્યાદોં પે યે ઘોળે કો ઉઠા કર**
**અસ્વારોંસે હિંમતકી ઈનાં છૂટ ગઈ થી**
**કયા લળતે કે લશ્કરકી કમર ટૂટ ગઈ થી**

(એક ભાઈ જ્યારે હજારો દુશ્મનોને ભગાડીને શ્વાસ લેતો હતો ત્યારે બીજો ભાઈ તીરંદાજોની ટુકડી ઉપર જઈને ટૂટી પડતો હતો. જ્યારે તે તેમને દરિયા પરથી હટાવીને પાછો આવતો હતો તો આ ભાઈ પોતાના ઘોડાને ઉઠાવીને પાયદળ સામે લડવા જતો હતો. ઘોડેસવારોની હિંમતની લગામ છૂટી જતી હતી. બન્ને જણ એવું લડતા હતા કે લશ્કરની કમર ટૂટી ગઈ હતી.)

عباسؑ صدا دیتے تھے ہاں اے مرے شیرو     قابو سے نکل جانے نہ دو پھر انہیں گھیرو
لڑتے ہو عجب شان سے شاباش دلیرو     سر کر دو لڑائی تو ادھر گھوڑوں کو پھیرو
اس جنگ کی خیمے میں بڑی دھوم پڑی ہے
ماں ڈیوڑھی پہ چھاتی سے لگانے کو کھڑی ہے

**અબ્બાસ સદા દેતે થે હાં અય મેરે શેરો** ૨૩ **કાબૂ સે નિકલ જાને ન દો ફિર ઈન્હેં ઘેરો**
**લળતે હો અજબ શાનસે શાબાશ દિલેરો** **સર કર દો લળાઈ તો ઈધર ઘોળોંકો ફેરો**
**ઈસ જંગકી ખૈમે મેં બળી ધૂમ પળી હૈ**
**માઁ દેવળી પે છાતી સે લગાને કો ખળી હૈ**

(હઝરત અબ્બાસ (અ.) કહેતા હતા કે અય મારા શેરો ! તેમને કાબૂમાંથી નીકળી જવા ન દો, તેમને ઘેરી લો. અય દિલેરો ! શાબાશ, તમે તો અજબ શાનથી લડો છો. જો તમે લડાઈ જીતી જાઓ તો પછી તમારા ઘોડા આ બાજુ

ફેરવજો. તમારા જંગની તો ખૈમામાં ખૂબ ધૂમ મચી છે, તમારી અમ્મા તમને છાતીએ લગાવવા માટે દરવાજા પર ઊભી છે.)

عباسؑ علمدار تو کرتے تھے یہ تقریر — روتے تھے کلیجے کو سنبھالے ہوئے شبیرؑ
فرماتے تھے کچھ مجھ کو بن آتی نہیں تدبیر — میداں سے بلالوں تو خفا ہوئیں گی ہمشیر
کیا صاحبِ شمشیر جدا ہوتے ہیں مجھ سے
پالے ہوئے دو شیر جدا ہوتے ہیں مجھ سے

**અબ્બાસ અલમદાર તો કરતે થે યે તકરીર — રોતે થે કલેજે કો સંભાલે હુએ શબ્બીર**
**ફરમાતે થે કુછ મુઝકો બન આતી નહીં તદ્બીર — મયદાં સે બુલાલોં તો ખફા હોએંગી હમશીર**
**ક્યા સાહેબે શમશીર જુદા હોતે હૈં મુઝસે**
**પાલે હુએ દો શેર જુદા હોતે હૈં મુઝસે**

૨૪

(અબ્બાસ અલમદાર (અ.) આવી તકરીર કરી રહ્યા હતા ત્યારે હઝરતે શબ્બીર પોતાનું કાળજું પકડીને રડી રહ્યા હતા. તેઓ ફરમાવતા હતા કે (ભાણીયાઓને જંગમાંથી પાછા બોલાવવાનો) કોઈ ઉપાય મને સૂઝતો નથી. જો મેદાનમાંથી તે બન્નેને પાછા બોલાવી લઉં છું તો મારી માજાઈ બેન ઝૈનબ ખફા થઈ જશે. કેવા તલવારબાઝ મારાથી જુદા થઈ રહ્યા છે. મેં ઉછરેલા બે શેર મારાથી જુદા થઈ રહ્યા છે.)



# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે એપ્રિલ–૨૦૧૪ થી તા. ૧૫, માહે મે–૨૦૧૪<br>મુ.તા. ૧૫, જમા.આખર–૧૪૩૫ થી મુ.તા. ૧૫, રજબ–૧૪૩૫ |
|---|---|---|---|
| એપ્રિલ | જમા.આ. | – | |
| 17 | ૧૬ | ગુરૂ | વીંછુડો બેસે : બપોરે ૪:૪૯ કલાકે |
| 18 | ૧૭ | શુક્ર | **ગુડફ્રાઈડે** * વીંછુડો |
| 19 | ૧૮ | શનિ | વીંછુડો ઉતરે : સાંજે ૭:૪૯ કલાકે |
| 21 | ૨૦ | સોમ | **વિલાદત : જનાબે ફાતેમા ઝહરા (અ.)** |
| 23 | ૨૨ | બુધ | **વિલાદત : અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન બાવા (રહે.અ.)** |
| 29 | ૨૮ | મંગળ | કંકણાકૃતિ સૂર્યગ્રહણ (ભારતમાં દેખાશે નહીં.) |
| મે-1 | રજબ૧ | ગુરૂ | **વિલાદત : હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)** |
| 3 | ૩ | શનિ | વફાત : હઝરત ઈમામ અલી નકી (અ.) |
| 7 | ૭ | બુધ | **વિલાદત : હઝરત અબ્બાસ અલમદાર (અ.)** |
| 10 | ૧૦ | શનિ | **વિલાદત : ઈમામ મોહંમદ તકી (અ.) અને પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)** |
| 12 | ૧૨ | સોમ | **નોંધ જુઓ.** |
| 13 | ૧૩ | મંગળ | **વિલાદત : હઝરત ઈમામ અલી મુર્તઝા (અ.)** |
| 14 | ૧૪ | બુધ | વીંછુડો બેસે : રાત્રે ૧:૦૨ કલાકે |
| 15 | ૧૫ | ગુરૂ | **ખાનાએ કા'બા કિબ્લો નક્કી થયો.** * વીંછુડો |

**નોંધ : ૧૨–૦૫–૨૦૧૪, મુ.તા. ૧૨, રજબ–૧૪૩૫**
વિલાદત : પીર સૈયદ અલી ખાલિદ (રહે.)
વિલાદત : પીર સૈયદ મુસ્તફા (રહે.)
વિલાદત : પીર સૈયદ નસીરૂદ્દીન મોહંમદ (રહે.)
વફાત : પીર સૈયદ હાજી મહેમૂદ (રહે.)

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

(૧) દુનિયામાં એવી રીતે રહો કે જાણે તમે એક ............................ છો.
 (૧) મોમિન (૨) મુસાફર (૩) મુસલમાન
(૨) દરેક ઈન્સાનના દિલમાં નીચેનામાંથી કયો ડાઘ હોય છે ?
 (૧) સફેદ (૨) કાળો (૩) લાલ
(૩) છઠ્ઠા ઈમામ (અ.)ની દૃષ્ટિએ બીમારીના ત્રણ પ્રકાર છે જેમાંથી બીજો પ્રકાર આપણને શું સબક આપે છે ?
(૪) જેને સમજવામાં સેકન્ડના ય અમુક ભાગ જેટલો જ સમય જાય છે તેને .................... કહેવાય છે ?
 (૧) બુધ્ધિ (૨) હોંશિયારી (૩) ઈલ્મ
(૫) ઈમામ હસન (અ.)એ કેટલા વર્ષ ખિલાફત ભોગવી હતી ?
 (૧) ૧૦ (૨) ૨૦ (૩) ૧૫
(૬) દુનિયામાં જે શરાબ છોડી દેશે તેને ખુદાવંદે આલમ મહેશરના દિવસે કયું પીણું પીવડાવશે ?
 (૧) ઝમઝમ (૨) રહીક (૩) કૌસર

હલ્કા ઈર્ફાને અહલેબૈત, મક્તબા જાફરીયા

# ખુત્બો : ગુસ્સા વિષે

૧૫

પ્રસ્તુતકર્તા : મોલ્વી ઈસ્માઈલભાઈ ગુલામહુસૈન સુથાર (પાડગોલવાળા)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

પારા-૪, સૂરા આલે ઈમરાન, આયત-૧૩૩ અને ૧૩૪

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَسَارِعُوْٓا اِلٰى مَغْفِرَةٍ مِّنْ رَّبِّكُمْ وَجَنَّةٍ عَرْضُهَا السَّمٰوٰتُ وَالْاَرْضُ ۙ اُعِدَّتْ لِلْمُتَّقِيْنَ ﴿١٣٣﴾

*(અને તમારા પરવરદિગારની ક્ષમા તરફ દોડ્યા જાઓ, અને તે જન્નત તરફ પણ કે જેની વિશાળતા સઘળા આકાશો અને સઘળી જમીનની બરાબર છે, અને તે પરહેઝગારો માટે તૈયાર કરવામાં આવી છે.)*

اَلَّذِيْنَ يُنْفِقُوْنَ فِى السَّرَّآءِ وَالضَّرَّآءِ وَالْكٰظِمِيْنَ الْغَيْظَ وَالْعَافِيْنَ عَنِ النَّاسِ ۗ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٣٤﴾

*(કે જે (પરહેઝગાર) લોકો છૂટ અને તંગીમાં (અલ્લાહના માર્ગમાં) ખર્ચ કરતા રહે છે તથા ક્રોધને પી જનારા છે, અને લોકોના (અપરાધથી) દરગુજર કરનારા છે, અને અલ્લાહ ઉપકાર કરનારાઓને દોસ્ત રાખે છે.)*

કલામે પાકની આ આયત દ્વારા આપણને જાણવા મળે છે કે પરહેઝગાર લોકો પોતાના ગુસ્સાને પી જાય છે એટલે કે તેઓ ગુસ્સાથી ભરેલા હોય તેમ છતાં પણ ગુસ્સા ઉપર કાબૂ રાખે છે. જ્યારે આપણે ગુસ્સામાં આવી જઈએ છીએ ત્યારે પોતાની જાત પર કાબૂ ખોઈ નાખીએ છીએ અને જો આપણે ગુસ્સા પર કાબૂ ન રાખીએ તો તેની અસર બુધ્ધિ પર પડે છે અને પાગલના જેવી હાલત થઈ જાય છે એટલે જ ઘરમાં કે સમાજમાં અનેક પ્રકારના ગુનાઓ થઈ જાય છે.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, “જે વ્યકિત પોતાના ગુસ્સાને પી જાય એ હાલતમાં કે એનો ઉપયોગ કરવાની એનામાં શકિત હોય છતાંય સબર કરે તો ખુદા એના હ્રદયને શાંતિ અને ઈમાનની રોશનીથી પ્રકાશિત કરે છે.”

આ હદીસથી જાણવા મળે છે કે ગુસ્સાને પી જવો તે ઈન્સાનની ખરી અને રૂહાની પ્રગતિ તેમજ ઈમાનની મજબૂતીના માટે બહુ જ અસરકારક છે. કુરઆનની આયત મુજબ –

وَالْعَافِيْنَ عَنِ النَّاسِ

*(અને તેઓ લોકોને માફ કરી દે છે.)*

ગુસ્સાને પી જવો પોતાની જગ્યાએ એક મહાન સદ્‌ગુણ તો છે જ, પરંતુ તે સાથે સાથે આપણને ગુસ્સો આવે તેવું વર્તન સામેની વ્યકિતએ કર્યું હોય તો તેને માફ કરી દેવું પણ જરૂરી છે.

રસૂલલ્લાહ (સ.)એ હઝરત અલી (અ.)ને વસિયત કરતાં ફરમાવ્યું છે કે, "કોઈના ઉપર પણ ગુસ્સો ન કરશો અને કોઈના ઉપર ગુસ્સો આવી જાય તો બેસી જાઓ અને અલ્લાહની તેના બંદાઓ પર કુદરત વિષે વિચાર કરો અને તેના શાણપણ વિષે વિચારો અને જ્યારે તમને કહેવામાં આવે કે 'અલ્લાહથી ડરો' તો તમારે તરત જ ગુસ્સાનો ત્યાગ કરી શાણપણને અપનાવી લેવું જોઈએ." (તોહોફુલ ઉકૂલ)

ઈસ્લામ ફક્ત મઝહબ નથી. તે સપૂર્ણ અને સંતોષી જીવન જીવવાની રીત છે. ઈસ્લામ એક એવો મઝહબ છે કે જે માનવજાત માટે એકતા અને ભાઈચારાની સાથે રહેવા માટે અલ્લાહ તરફથી મોકલવામાં આવેલી એક ભેટ છે. જો સમાજની અંદર શાંતિ ન હોય તો એકતા અને ભાઈચારાની સાથે રહી ન શકાય અને જો માણસમાં પોતાની અંદર જ શાંતિ ન હોય તો સમાજની અંદર શાંતિ ન આવી શકે એટલા જ માટે આપણે અખ્લાકી જીવન જીવવા માટે આપણામાં રહેલા ક્રોધ રૂપી દુર્ગુણને દૂર કરવાની જરૂર છે, તો કલામે પાકની આયતોની સાથે સાથે અલ્લાહના માઅસૂમ, નેક બંદાઓની હદીસો આપણા જીવનમાં ઉતારીને તેમના પર અમલ કરીને ક્રોધ જેવા દુર્ગુણ પર કાબૂ મેળવવો જોઈએ. અલ્લાહના માઅસૂમ બંદાઓએ પોતે પ્રથમ તેના પર અમલ કર્યો છે પછી જ આપણને હિદાયત કરી છે.

હવે માણસે ફક્ત પોતાના ગુસ્સાને પી જવાનો છે એટલું જ નહીં, પરંતુ સાથે સાથે બીજાને માફી આપીને ઈર્ષાના ડાઘને દિલ પરથી સાફ કરી નાખવાનો છે. બૂરાઈના બદલામાં એહસાન અને નેકી કરીને દુશ્મનના દિલમાં નમ્રતા પેદા કરી. પ્રથમ તો ગુસ્સાના વિરોધમાં આપણી પોતાની જાત પર કાબૂ મેળવવાનો હુકમ છે અને પછી જ પોતાના દિલને પાક સાફ કરવાનું ફરમાન છે અને છેલ્લે દુશ્મનના દિલને પાક સાફ કરવાની હિદાયત છે. કુરઆને મજીદની અગાઉની આયતના અનુસંધાનમાં એક હિકાયત આપણે જોઈએ :

એક વખત હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ની એક કનીઝ આપના હાથ મુબારક ધોવડાવી રહી હતી એવામાં પાણીનું વાસણ એના હાથમાંથી છૂટી ગયું અને તેથી ઈમામ (અ.)નું મુબારક શરીર જખ્મી થયું. ઈમામ (અ.)એ ગુસ્સાથી માથું ઊંચું કર્યું તો કનીઝે તરત જ કહ્યું, ખુદા કુરઆનમાં ફરમાવે છે :

وَالْكَاظِمِيْنَ الْغَيْظَ

ઈમામ (અ.)એ ફરમાવ્યું, "મેં મારા ગુસ્સાને પી લીધો."

કનીઝ બોલી,

وَالْعَافِيْنَ عَنِ النَّاسِ

ઈમામ (અ.)એ કહ્યું, "મેં તને માફી આપી ખુદા તને માફ કરે."

કનીઝ બોલી,

وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ

*(અલ્લાહ એહસાન કરવાવાળાઓને દોસ્ત રાખે છે.)*

ઈમામ (અ.)એ ફરમાવ્યું, “મેં તને રાહે ખુદામાં આઝાદ કરી દીધી.” આ હિકાયતથી એ બાબત સ્પષ્ટ થાય છે કે ઉપરના ત્રણેય તબકકાઓ એકબીજાથી ઊંચા છે.

આપણને ગુસ્સો આવે ત્યારે રોકી લેવો એટલા માટે જરૂરી છે કારણ કે જ્યારે આપણે ગુસ્સામાં આવી જઈએ છીએ ત્યારે આપણે સમજી વિચારી શકતા નથી, પછી આપણે પસ્તાઈએ છીએ અને વિચારીએ છીએ કે આપણે ગુસ્સો કર્યો જ ન હોત તો કેવું સારું થાત ? ગુસ્સામાં કહેલી વાતને ભૂલી જવી ઘણી અઘરી છે, માટે કાંઈ પણ બોલતાં પહેલાં અને કોઈ પણ કાર્ય કરતાં પહેલાં વિચારી લેવું વધારે સારું છે. સારી રીતે વિચારી શકીએ માટે આપણે ગુસ્સા પર કાબૂ રાખવો જરૂરી છે. તો આ ગુસ્સો કેવી રીતે કાબૂમાં રાખી શકાય ? તેના માટે મૌલા અલી (અ.)એ ફરમાવ્યુ છે કે, “જ્યારે આપણને ગુસ્સો આવી જાય તો આપણે ઊભા હોઈએ તો બેસી જવું જોઈએ અને જો બેઠેલા હોઈએ તો આપણે સૂઈ જવું જોઈએ.”

એક અન્ય હદીસમાં રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, “ગુસ્સો શયતાન તરફથી છે અને શયતાન આગથી બનેલો છે અને આગને પાણીથી હોલવી શકાય છે, માટે જ્યારે પણ તમને ગુસ્સો આવી જાય તો વુઝૂ કરી લો.”

એનો અર્થ એ નથી કે આપણે કદીય ગુસ્સો કરવો જ ન જોઈએ કારણ કે ગુસ્સો તો એક મનોભાવ છે. જો તેનો ઉપયોગ સારી રીતે કરવામાં આવે તો તે આપણી અંદર વધારે શકિત પેદા કરે છે. જ્યારે કોઈ જાણી જોઈને ખરાબ કાર્ય કરતો હોય. દા.ત., કોઈને ઈજા પહોંચાડતો હોય અથવા તો અલ્લાહ, રસૂલ અને ઈમામ (અ.)ને અપશબ્દો કહેતો હોય ત્યારે આપણને ગુસ્સો આવે તે સ્વભાવિક છે, પરંતુ આપણે આપણો ગુસ્સો સમજદારી વડે કાબૂમાં રાખવો જોઈએ. જ્યારે આપણે એ લોકોની કે જેઓ આપણને વહાલા હોય છે, તેમને ગુસ્સામાં આવીને ખોટી ખોટી વાતો સંભળાવી દઈએ છીએ ત્યારે માફી માગવાથી પણ તેમના દિલના ઘા પુરાતા નથી. શકય છે કે કેટલીક વાર આપણા માટે નિકટના સંબંધીઓના અપશબ્દો અથવા અપમાનોને સહન કરવા મુશ્કેલ બની જાય છે, પરંતુ જો આપણે સ્વાર્થી લોકોને પરોપકાર વડે બદલો આપીશું તો પોતાની જાતને મહાન સાબિત કરીશું અને આવો એક સારો દાખલો પૂરો પાડવાનો અલ્લાહ આપણને બદલો આપશે. હવે ગુસ્સો માણસને કેટલા અંશે ખરાબ કરે છે એટલે કે તેનાથી ઈમાન ઉપર કેવી અસર થાય છે તે જોઈએ.

રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે, “ગુસ્સો અને નારાજગી ઈમાનને એવી રીતે દૂષિત કરે છે કે જેવી રીતે સરકો મધને દૂષિત કરે છે.’’ (ઉસૂલે કાફી)

વળી, હઝરત અલી (અ.)એ નહ્જુલ બલાગામાં ફરમાવ્યું છે કે, "ગુસ્સો ગાંડપણની એક નિશાની છે કેમકે ગુસ્સો કરનારને પાછળથી પસ્તાવું પડે છે અને જો પસ્તાય નહીં તો સમજો કે તે ખરેખર પાગલ છે."

જો આપણે ગુસ્સાને રોકી લઈએ તો અલ્લાહના દરબારમાં તેનો શું બદલો છે તે જોઈએ.

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું કે, "જે શખ્સ પોતાના ગુસ્સાને લોકોથી રોકી રાખશે તો કયામતના દિવસે અલ્લાહ તઆલા તેને અઝાબ નહીં કરે." (ઉસૂલે કાફી, ભાગ-૪)

એક અન્ય હદીસમાં હઝરત અબૂ અબ્દિલ્લાહ (અ.)એ ફરમાવ્યું છે કે, "મારા પિદરે બુઝુર્ગવારે ફરમાવ્યું કે બે મુસલમાનો કે જે ગુસ્સામાં એકબીજા સાથે ત્રણ દિવસ સુધી અબોલા રહે અને સુલેહ ન કરે તો તેઓ ઈસ્લામના દાયરામાંથી નીકળી જાય છે અને તેમના દરમિયાન દોસ્તી રહેશે નહીં. જે કોઈ આમાંથી સૌથી પહેલાં પોતાના ભાઈની સાથે બોલે તો તે કયામતના દિવસે પહેલો જન્નતમાં જશે."

(ઉસૂલે કાફી, ભાગ-૪)

હઝરત અબૂ અબ્દિલ્લાહ (અ.)એ ફરમાવ્યું છે કે, "એક માણસ રસૂલલ્લાહ (સ.)ને કહેવા લાગ્યો કે, "મને કંઈક તાલીમ આપો." આપ (સ.)એ ફરમાવ્યું કે, "જાઓ અને તમે હવે ગુસ્સો ના કરતા." તેણે કહ્યું, "મારા માટે આપનો આ હુકમ કાફી છે." તે પછી તે પોતાના ઘર તરફ ચાલ્યો ગયો. ત્યાં ગયા પછી ખબર પડી કે તેની કોમમાં જંગ માટે સફો ગોઠવવામાં આવી છે. અને લોકો પોતાના શરીર પર હથિયારો સજીને તૈયાર થયા છે. આ હાલ જોઈને તેણે પણ પોતાના શરીર પર હથિયાર બાંધ્યાં અને તે પણ તેમની સામે લડવા તૈયાર થયો. ત્યારે તેને એકદમ રસૂલલ્લાહ (સ.)નો કોલ યાદ આવ્યો કે ગુસ્સો ન કરવો. તો તેણે એકદમ પોતાના શરીર પરથી હથિયાર ઉતારી દીધાં અને તે લોકોની પાસે આવ્યો કે જેમનાથી દુશ્મની હતી. તેમને કહેવા લાગ્યો, "અય લોકો ! અગર તમારામાંથી કોઈને જખમ લાગ્યો હોય અથવા કોઈ કતલ થયો હોય અથવા કોઈ ચોટ લાગી હોય તો મને માફ કરો અને જો તમને કોઈ તકલીફ ન હોય તો હું મારા માલથી તેનો બદલો આપવા તૈયાર છું. મારી કોમને આની સાથે સંબંધ નથી. હું ખુદ આ વાયદો તમારાથી પૂરો કરીશ." તેમણે કહ્યું કે, "તમે જે કહી રહ્યા છો તે તમારી પાસે જ રાખો. અમે તમારાથી વધારે બહાદુરી બતાવવા માટે કાફી છીએ." તેના પછી તેમની વચ્ચે સુલેહ થઈ ગઈ અને ગુસ્સો દૂર થઈ ગયો. (ઉસૂલે કાફી)

આપણે અગાઉ સાંભળેલી કુરઆને મજીદની આયતો અને અલ્લાહના માઅસૂમ બંદાઓએ ફરમાવેલ હદીસોથી અને તેમના ઉચ્ચ અખ્લાકોથી આપણને જાણવા મળે છે કે ગુસ્સા રૂપી દુર્ગુણ કેટલો ખરાબ છે અને એટલા જ માટે આવા દુર્ગુણથી દૂર રહેવાનો હુકમ છે.

**અંતમાં દુઆ માગીએ :**

- અય રહમાનુર્રહીમ ! જે તારી નજરમાં ખરાબ હોય તેવો ગુસ્સો અમારામાં પેદા ન થવા દેજે.
- અય મા'બૂદ ! મોહંમદ વ આલે મોહંમદના સદકામાં અમને ગુસ્સો પી જનારા બનાવજે, આમીન.

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Sign of God** (અલ્લાહની નિશાની)

  A beautiful smile on the face of a cancer patient.

  કેન્સરના દર્દીના ચહેરા ઉપરનું સોહામણું સ્મિત. (અલ્લાહની નિશાની છે.)

- **Wasted Kindness** (વેડફાઈ ગયેલી રહેમદિલી)

  If you happen to be a kindhearted ruler and your ministers deal your subjects in a heavy-handed manner, your kindness will be fruitless for you.

  જો તમે એક રહેમદિલી શાસક બની જાઓ અને તમારા પ્રધાનો પ્રજા સાથે સખત હાથે કામ લેતા હોય તો તમારી રહેમદિલી તમારા માટે નકામી છે.

- **Affinity by Default** (મૂળભૂત રીતે સંબંધ)

  Any stranger -- unless he threatens your life or self-respect straightaway -- is worthy of your friendliness.

  કોઈ પણ અજાણ્યો માણસ – સિવાય કે તે તમને મારી નાખવાની કે સીધેસીધી તમારા સન્માનની ધમકી આપતો હોય તો – તે તમારી દોસ્તી માટે લાયક છે.

- **Religion and Paradise** (ધર્મ અને જન્નત)

  The world without cruelty, poverty, disease, stress, misery, ignorance and hatred, is nothing less than Paradise. To strive to make such a beautiful world for everyone, is nothing less than religion.

  અત્યાચાર, ગરીબાઈ, રોગ, તણાવ, દુ:ખ, અજ્ઞાનતા અને નફરત વગરની દુનિયા કંઈ જન્નતથી કમ નથી. દરેક માટે આવી જ સુંદર દુનિયા બનાવવાનું મથન કરવું એ ઈબાદતથી કમ નથી.

- **Real Life** (સાચી જિંદગી)

  Life, the way it appears to you in your childhood, is the real life. The way you perceive it in adulthood is an illusion coloured by your biases and prejudices.

તમારા બાળપણમાં તમને જિંદગી જેવી દેખાય છે તે જ સાચી જિંદગી છે. પુખ્તવયમાં તમે જેવી જિંદગી સમજો છો એ તો તમારા પૂર્વગ્રહો અને ખોટા ખયાલો દ્વારા રંગીન બનેલી ભ્રમણા છે.

- **Knowledge** (ઇલ્મ)

  What takes more than 15 years of study, is graduation. What takes a fraction of a second to imbibe, is knowledge. Try to become knowledgeable through your studies rather than a graduate.

  જે બાબત અભ્યાસનાં પંદર કરતાં ય વધારે વર્ષ લે છે તેને સ્નાતકની પદવી મેળવવી એવું કહેવાય છે. જેને સમજવામાં સેકન્ડના ય અમુક ભાગ જેટલો જ સમય જાય છે તેને ઇલ્મ કહેવાય છે. સ્નાતક બનવા કરતાં તો તમારા અભ્યાસ દ્વારા જ્ઞાની (બુધ્ધિશાળી) બનવાનો પ્રયત્ન કરો.

- **Miracles** (ચમત્કાર)

  Miracles do happen. Try doing them. You can.

  ચમત્કારો સર્જાય જ છે. તેમને સર્જવાનો પ્રયત્ન કરો. તમે સર્જી શકો છો.

- **Friendship** (મિત્રતા)

  Can't make good friends? Come out of your shell.

  શું તમને સારા મિત્રો મળતા નથી ? તો પછી તમારી કાયમી ઘરેડમાંથી બહાર નીકળો.

- **Self-Respect** (સ્વમાન)

  Never let your self-respect make you arrogant. Never lose your self-respect in trying to shed arrogance. What makes you love people but resist humiliation is your self-respect, what makes you hate people and cause humiliation to them is your arrogance.

  તમારું સ્વમાન તમને ઘમંડી બનાવી દે એવી પરવાનગી તેને કદી ન આપો. ઘમંડને ખંખેરી નાખવાનો પ્રયત્ન કરવામાં તમારા સ્વમાનને કદી ગુમાવી ન દો. જે બાબત તમને લોકોને ચાહવા પ્રેરતી હોય પરંતુ અપમાનનો પ્રતિકાર કરતી હોય તે તમારું સ્વમાન છે. જે બાબત તમને લોકોને ધિક્કારવા પ્રેરતી હોય અને તેમનું અપમાન કરવાનું કારણ બનતી હોય તે તમારો ઘમંડ છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# જ્ઞાનગોષ્ઠિ

**સંપાદક : મોમિન રત્ન**

## વસિયત વિષે

(ગતાંકનું ચાલુ)

**એ માણસ કે જે બાલિગ થઈ ગયા પછી પણ પોતાનો માલ લેવાનો ઈન્કાર કરે છે :**

અહમદ બિન મોહંમદ બિન ઈસાએ સઅદ બિન ઈસ્માઈલથી, તેમણે તેમના બાપથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં હઝરત ઈમામ રઝા (અ.)ને યતીમોના વસીના સંબંધમાં પૂછ્યું કે જ્યારે યતીમોની યતીમીની મુદત પૂરી થઈ ગઈ તો તે વસીએ તેમને કહ્યું કે તેઓ તેમનો માલ લઈ લે પરંતુ તે લોકોએ લેવાથી ઈન્કાર કરી દીધો. હવે શું કરવું ? આપ (અ.)એ ફરમાવ્યું, તે તેમને તેમનો માલ આપી દે અને તેમને લેવા પર મજબૂર કરે. (૫૫૨૫)

**વારિસના બાલિગ થયા પછી પણ વસીએ તેને તેનો માલ આપવાનો ઈન્કાર કર્યો કે જેના કારણે તે શાદી ન કરી શકયો અને ઝિના કરવાનો દોષી બન્યો :**

મોહંમદ બિન યાકૂબ કુલૈની (રઝી.અ.) એ મોહંમદ બિન યહ્યાથી, તેમણે મોહંમદ બિન હુસૈનથી, તેમણે મોહંમદ બિન કૈસથી, તેમણે એનાથી કે જેણે તેની રિવાયત કરી છે. અને તેણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ એક એવા માણસની બાબતમાં ફરમાવ્યું કે જે મરી ગયો અને તેણે એક માણસને પોતાનો વસી બનાવ્યો અને તેનો એક નાની ઉંમરનો છોકરો હતો. જ્યારે છોકરો બાલિગ થયો તો વસીની પાસે ગયો અને કહ્યું કે મારો માલ મને આપી દો જેથી હું શાદી કરી લઉં. તેણે આપવાનો ઈન્કાર કર્યો. (આથી) તે પાછો ચાલ્યો ગયો અને ઝિનાના કાર્યમાં સપડાઈ ગયો. આપ (અ.)એ ફરમાવ્યું કે એ ઝિનાનો ૨/૩ (બે તૃત્યાંશ) ગુનો તે વસી પુરુષ ઉપર છે કે જેણે તેનો માલ આપવાથી ઈન્કાર કર્યો અને તેને આપ્યો નહીં નહીંતર તે શાદી કરી લેત. (૫૫૨૬)

**એક માણસે વસિયત પણ કરી અને ગુલામ પણ આઝાદ કર્યો જ્યારે કે તેના ઉપર કર્ઝ પણ હતું :**

મોહંમદ બિન અબી ઉમૈરે જમીલ બિન વર્રાજથી, તેમણે ઝકરિયા બિન અબી યહ્યા સઅદીથી, તેમણે હકમ બિન અતીબાથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત અમારા લોકોની એક જમાઅત હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)ના દરવાજા પર તેમના આવવાની રાહ જોઈ રહી હતી એવામાં એક સ્ત્રી આવી અને તેણે પૂછ્યું, તમારા લોકોમાંથી અબૂ જાફર (ઈમામ મોહંમદ બાકિર (અ.)) કોણ છે ? લોકોએ કહ્યું, તારે એમનું શું કામ છે ? તેણે કહ્યું, મારે તેમને એક મસઅલો પૂછવો છે. લોકોએ કહ્યું, આ ઈરાકના લોકોના ફકીહા છે, તેમને જ પૂછી લે. તેણે કહ્યું,, મારો શોહર મરી ગયો, તે એક હજાર દિરહમ છોડી ગયો અને મારી દીન મહેર તેના પર (૫૦૦) પાંચસો દિરહમ બાકી હતી. મેં મારી દીન મહેર લઈ લીધી અને મારી મીરાસ પણ લઈ લીધી. ત્યાર પછી એક માણસ આવ્યો અને તેણે દાવો કર્યો કે આ મરનાર ઉપર મારું એક હજાર દિરહમ કર્ઝ છે અને મેં તેની ગવાહી આપી. હકમનું બયાન છે કે હજુ તો અમે

લોકો તેનો હિસાબ કરી રહ્યા હતા એવામાં હઝરત ઈમામ અબૂ જાફર (અ.) બહાર નીકળ્યા અને ફરમાવ્યું કે શું બાબત છે ? હું તમારી આંગળીઓને હલનચલન કરતી જોઈ રહ્યો છું. મેં અરજ કરી, આ સ્ત્રીએ બયાન કર્યું કે મારો શોહર મરી ગયો અને તે એક હજાર દિરહમ છોડતો ગયો છે અને મારી તેના પર પાંચસો દિરહમ મહેર હતી. મેં તેનાથી મારી દીન મહેર લઈ લીધી અને પછી એમાંથી મેં મારી મીરાસ પણ લઈ લીધી ત્યાર પછી આ માણસ આવ્યો અને તેણે દાવો કર્યો કે તેના ઉપર મારું એક હજાર દિરહમ કર્ઝ છે. મેં તેની ગવાહી આપી. હકમનું બયાન છે કે ખુદાની કસમ, હજુ તો હું મારી વાત પૂરી પણ કરવા પામ્યો ન હતો કે હઝરત અબૂ જાફર (અ.)એ ફરમાવ્યું, તેના કબજામાં ૨/૩ (બે તૃત્યાંશ) છે તેનો તેણે એકરાર કર્યો છે. તેના માટે કોઈ મીરાસ નથી. હકમનું બયાન છે કે ખુદાની કસમ, મેં હઝરત અબૂ જાફર (અ.) કરતાં વધારે બુધ્ધિશાળી અને સમજદાર કોઈ બીજાને જોયો નથી. ઈબ્ને અબી ઉમૈરનો કોલ છે કે તેની તફસીર એ છે કે જ્યાં સુધી કર્ઝ અદા ન થઈ જાય, કોઈ મીરાસ નથી. તે એક હજાર દિરહમ છોડી ગયો છે અને તેના ઉપર એક હજાર પાંચસો દિરહમ છે, તે સ્ત્રીનું અને તે કર્ઝ આપનારનું. તેથી એ સ્ત્રીને એક હજારનો ત્રીજો ભાગ મળવાપાત્ર છે એટલા માટે કે તેનું કર્ઝ પાંચસો દિરહમ અને કર્ઝ આપનાર પુરુષનું એક હજાર દિરહમ છે. તેને ૨/૩ જોઈએ. (૫૫૨૭)

ઈબ્ને અબી ઉમૈરે જલીલ બિન દર્રાજથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે એક માણસની બાબતમાં કે તેણે પોતાના મોતના સમયે એક ગુલામ આઝાદ કરી દીધો અને તેના ઉપર કર્ઝ હતું. આપ (અ.)એ ફરમાવ્યું, અગર તે ગુલામની કિંમત કર્ઝના બરાબર હોય અને એટલું જ તેની પાસે વધારે હોય તો એ આઝાદ કરવાનું જાઈઝ છે, નહીંતર નથી. (૫૫૨૮)

અને અબાન બિન ઉસ્માનની રિવાયતમાં છે કે એક માણસે હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ને પૂછ્યું કે એક માણસે એક વ્યકિતને વસિયત કરી (અને) તેના ઉપર કર્ઝ હોય તો આપ (અ.) એ ફરમાવ્યું કે તે માણસ તેના કર્ઝને અદા કરે અને બાકીનું તેના વારસામાં વહેંચી દે. મેં અરજ કરી, પછી વસી કર્ઝની રકમ જુદી કરે કે જેની તેને વસિયત કરવામાં આવી છે. છેવટે કર્ઝ કોની પાસેથી વસૂલ કરવામાં આવશે ? વારિસો પાસેથી કે વસી પાસેથી ? આપ (અ.)એ ફરમાવ્યું કે વારિસો પાસેથી કર્ઝ વસૂલ કરવામાં નહીં આવે, બલ્કે વસી તેનો જામીન છે. (૫૫૨૯)

**મરનારો કર્ઝની ઝિમ્મેદારીમાંથી મુકત થઈ જાય છે અગર કોઈ માણસ કર્ઝખ્વાહાંથી અદાયગીનો જામીન થઈ જાય તો :**

હસન બિન મહેબૂબે અબ્દુલ્લાહ બિન સિનાનથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે એક માણસ મરી જાય છે અને તેના ઉપર કર્ઝ છે તો એક માણસ કર્ઝખ્વાહાંની આગળ તેની અદાયગીનો જામીન થઈ જાય છે. આપ (અ.)એ ફરમાવ્યું, અગર કર્ઝખ્વાહાં રાજી થઈ જાય તો મરનાર જવાબદારીમાંથી મુકત થઈ જાય છે. (૫૫૩૦)

**વેચાઈ ગયેલો માલ એમને એમ મોજૂદ હોય અને ખરીદનારો મરી જાય અને તે માલની કિંમત બાકી હોય અને થોડુંક બીજાઓનું કર્ઝ પણ હોય :**

મોહંમદ બિન અબી ઉમૈરે જમીલ બિન વર્રાહથી, અને તેમણે અમારા કેટલાક અસ્હાબથી

અને તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે એક માણસે એક વ્યકિતને માલ વેચ્યો અને ખરીદનારે માલ ઉપર કબજો કરી લીધો પરંતુ હજુ તેની કિંમત અદા નથી કરી, ત્યાં તો ખરીદનાર મરી ગયો અને માલ હજુ એમને એમ મોજૂદ છે. આપ (અ.)એ ફરમાવ્યું, અગર માલ એમને એમ હજુ મોજૂદ હોય તો તેને માલના (મૂળ) માલિકને પાછો આપી દેવામાં આવશે અને બીજા કર્ઝ આપનારાઓએ તેની સાથે ઝઘડો કરવાનો હક નથી. (૫૫૩૧)

**ખૂંબહા (દંડ)માંથી કર્ઝની અદાયગી :**

સફવાન બિન યહ્યા અઝરકે હઝરત અબુલ હસન (અ.)થી રિવાયત કરી છે કે એક માણસને કતલ કરી દેવામાં આવ્યો અને તે કોઈ માલ છોડી ગયો નથી, તેના માથે દેવું છે અને તેના ઘરવાળાઓએ કાતિલ પાસેથી તેનો ખૂંબહા વસૂલ કરી લીધો. તો શું તેના ઘરવાળાઓ ઉપર લાઝિમ છે કે તેનું કર્ઝ અદા કરે ? આપ (અ.)એ ફરમાવ્યું, હા. મેં અરજ કરી, પરંતુ તે તો કોઈ વસ્તુ છોડી ગયો નથી. આપ (અ.)એ ફરમાવ્યું, તેમણે તેનો ખૂંબહા વસૂલ કર્યો છે તો લાઝિમ છે કે તેનું કર્ઝ અદા કરે. (૫૫૩૨)


**સ્માઈલડેન્ટ દાંતનું દવાખાનું**

**ડૉ. એહસાનઅલી વી. સુણસરા**
B.D.S., CERT Oral implant (AAID)
ડેન્ટલ સર્જન અને ઈમ્પ્લાન્ટોજીસ્ટ
Mo. 9426305440

**દાંત અને પેઢાને લગતી તકલીફોની સારવાર ઉપલબ્ધ**

સમય : સવારે ૯:૩૦ થી ૧:૦૦
સાંજે ૪:૩૦ થી ૮:૩૦
રવિવારે ૧૦:૦૦ થી ૧:૦૦

'સી' ગ્રાઉન્ડ ફ્લોર, ઉષાકિરણ ફ્લેટ,
ખાનપુર દરવાજા સામે, ખાનપુર, અમદાવાદ


## શબ્દ પરિચય

### ઝમાના

**ઝમાના :** (زمانہ) અરબી ભાષાનો શબ્દ છે. તેના જુદા જુદા અર્થ આ મુજબ થાય છે : ૧. જમાનો, યુગ, ૨. સમય, કાળ ૩. વિશ્વ, જગત ૪. વિલંબ ૫. હુકૂમત ૬. ઋતુ ૭. નસીબ. આ શબ્દ ઉપરથી બનતા કેટલાક શબ્દો : **ઝમાનાએ કદીમ** - પુરાતનકાળ, પ્રાચીનકાળ **ઝમાનાએ જદીદ** - અર્વાચીન કાળ, મોડર્ન યુગ **જમાનાએ જાહિલિય્યત** - અજ્ઞાનતાનો કાળ (ઈસ્લામી પરિભાષામાં મોહંમદ (સ.)ના પહેલાંનો જમાનો) **ઝમાનાએ દરાઝ** - લાંબો સમય, દીર્ઘકાળ **ઝમાનાએ માઝી** - ભૂતકાળ ઝમાનાએ મુસીબત - દુ:ખનો સમય, આપત્તિકાળ **ઝમાનાએ મુસ્તકબિલ** - ભવિષ્યકાળ **ઝમાનાએ હાલ** - વર્તમાનકાળ **ઝમાના બરતના** - અનુભવ થવો **ઝમાનાશનાસ** - જમાનાને ઓળખનાર, સમયને અનુકૂળ કામ કરનાર **ઝમાના સાઝ** - સ્વાર્થી, ધૂર્ત, તકસાધુ **ઝમાનાસાઝી** - ખુશામતી, ફરેબી, દગાબાજી **ઝમાનેકા ચલન** - જમાનાનો રિવાજ, દુનિયાનો રિવાજ **ઝમાનેકી રાહ** - લોકોનો રીત રિવાજ **ઝમાનેસે નિરાલા** - સૌથી વિચિત્ર, અજબ પ્રકારનું

મોમીન અકબરઅલી આર. સુથાર
મો. ૯૭૨૫૩ ૬૧૬૫૧

ગુણવત્તા અને કિંમતનો સુમેળ

મોમીન અહેસાનઅલી એસ. માણસીયા
મોમીન આશીકઅલી આર. શેરસીયા

ગ્રાહકનો સંતોષ એજ અમારો નફો...

ECOPLY™
★ PLY ★ BOARD ★ DOOR

# તૂબા
## પ્લાયવુડ એન્ડ હાર્ડવેર



પ્લાયવુડ, સનમાઇકા, ફેન્સી હેલડ્રાફ, હેન્ડલ, મીજાગરા, ફેવીકોલ, ફર્નિચર તથા બંગ્લોઝ, ઓફીસ, દુકાન અને હોટલને લગતી તમામ ફેન્સી હાર્ડવેર આઇટમ વ્યાજબી ભાવે મળશે.

હોટલ તેમજ રેસ્ટોરન્ટ જેવા પ્રોજેક્ટમાં પ્લાયવુડ, હાર્ડવેર, ફ્લસ ડૉર પ્રોજેક્ટ ભાવ થી કરી આપવામાં આવશે.

**ડીવાઈન પ્લાઝા, બસ સ્ટેશનની સામે, વડનગર. મો. ૯૮૨૫૨૮૭૬૫૨**

**તૂબા ફોમ ફર્નીસીંગ**
આધૂનીક ઢબના સોફા, ગાદલા, મેટ્રેસ કવર તથા વોલ પેપરનુ કામ કરી આપનાર
મોમીન હસનઅલી મો. ૯૬૬૨૫૭૧૬૬૪, મોમીન કાસમઅલી મો. ૯૬૬૨૧૬૪૧૦૯

હવે આપણા વડનગર શહેરમાં સેનેટરી એન્ડ કલર્સનો સૌ પ્રથમ અદ્યતન શો-રૂમ...

ગુણવત્તા અને કિંમતનો સુમેળ એટલે

# ફુરાત
## સેનેટરી & કલર્સ



કોમ્પ્યુટરાઇઝડ કલર સેડ, પી.વી.સી.પાઇપ, ફીટીંગ્સ, બાથરૂમ એસેસરીઝ તેમજ સેનેટરીવેરના વહેપારી.


હોટલ તેમજ રેસ્ટોરન્ટ જેવા પ્રોજેક્ટમાં કલર્સ, સૈનેટરી, બાથરૂમ ફીટીંગ્સ પ્રોજેક્ટ ભાવ થી કરી આપવામાં આવશે.

Dealer
asianpaints
PRINCE
ASTRAL Where INNOVATION Flows
Graffiti The Bath Ware

મોમીન બ્રધર્સ

# આપણા ઘરની વાતો

● **ઇન્નાલિલ્લાહે..:**



હૈદરપુરા નિવાસી **મર્હૂમ મો.કાસિમભાઈ રસૂલભાઈ વાઘણીયા (ભગત)** મુ.તા.૧૨, રબી.આખર–૧૪૩૫, તા.૧–૨–૨૦૧૪ના રોજ રાત્રે ૩ કલાકે ૫૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નિખાલસ અને નેક હતા. ⟶



⟵ કાકોશી નિવાસી **મર્હૂમા હાજીયાણી લાડુબેન હાજી ગુલામભાઈ સેલીયા (ભૂરા)** મુ.તા. ૪, રબી. અવ્વલ–૧૪૩૫, તા. ૦૫–૦૨–૨૦૧૪ના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. તેઓ પીરો મુરશિદનાં ચાહક અને અહલેબૈત (અ.)નાં આશિક હતાં. થુર કરનાલા વિભાગની મોમિના બહેનો સાથે વિશેષ આત્મીયતા ધરાવતાં હતાં. તેઓ સામજિક પ્રસંગોએ હાજર રહેતાં હતાં.



કાકોશી નિવાસી **મર્હૂમ મો.હાજી યૂસુફભાઈ હાજી વજીરભાઈ સેલીયા (ભૂરા)** મુ.તા. ૧, જમા.અવ્વલ–૧૪૩૫, તા.૨–૩–૨૦૧૪ને રવિવારના રોજ ૬૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે હસમુખા, નિખાલસ, નેક દિલ, ઈમાનદાર તથા અહલેબૈત (અ.)ના ચાહક અને અઝાદારે ઈમામ હુસૈન (અ.) હતા. તેઓ પાંચ ટાઈમની નમાઝના પાબંદ હતા. ⟶



⟵ વસો નિવાસી **મર્હૂમા મો.હસીનાબાનુ યમાનઅલી મોમિન (ભગત)** મુ.તા.૨૭, રબી.આખર–૧૪૩૫, તા.૨૮–૨–૨૦૧૪ને શુક્રવારના રોજ નમાએ જુમ્આ બાદ ૫૭ વર્ષની વયે બીમારીના કારણે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, માયાળુ અને મિલનસાર હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકતનાં ચાહક હતાં.



વસો નિવાસી **મર્હૂમા મો.રૂકૈયાબાનુ શબ્બીરઅલી (રાઈસમીલવાળા)** મુ.તા. ૮, જમા.અવ્વલ–૧૪૩૫, તા.૧૦–૩–૨૦૧૪ને સોમવારના રોજ ૫૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નમ્ર, હસમુખા, લાગણીશીલ, માયાળુ અને બાળપ્રેમી હતાં. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મો.મર્હૂમ રસૂલભાઈ દાવૂદભાઈ વાધણીયા અને મર્હૂમ કાસિમભાઈ રસૂલભાઈ વાધણીયા (હૈદરપુરા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૩૦૦/- મો.અનવરઅલી નૂરમોહંમદ વાઘ (ઈલોલ તલાવ) તરફથી તેમના નવાસા 'મોહંમદરઝા'ની જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.મર્હૂમ હાજી યૂસુફભાઈ હાજી વજીરભાઈ સેલીયા (ભૂરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.

રૂા.૧૫૦/- મો.મર્હૂમા હસીનાબાનુ યમાનઅલી મોમિન (ભગત)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી ગુલામનબી (રાઈસમીલવાળા–વસો) અને તેમના કુટુંબીજનો તરફથી મર્હૂમા મો. રૂકૈયાબાનુની રૂહના સવાબ અર્થે.

### ગડમથલ નં.૨૬૦નો ઉકેલ

**<u>આડી ચાવીઓ:</u>** (૧) તરફદાર (૪) અરમાન (૬) કમર (૭) જવાહિર (૯) કફ (૧૨) હું (૧૩) રિયાકારી (૧૬) સઈદ (૧૮) કયાસ (૧૯) સફૂરા (૨૧) સઈ (૨૩) દીદી (૨૬) સદાકત (૨૮) બાજરા (૩૦) વલી (૩૨) નહુસત (૩૩) સલસબીલ **<u>ઊભી ચાવીઓ:</u>** (૧) તહકીક (૨) ફલાહ (૩) રકમ (૪) અરજ (૫) નફરત (૬) કમ (૮) વાકઈ (૧૦) ફરિયાદી (૧૧) આકા (૧૪) યાસ (૧૫) રીસ (૧૬) સરા (૧૭) દસ (૧૮) કદીમ (૨૦) ફૂરાત (૨૨) ઈઝરાઈલ (૨૪) અદાવત (૨૫) સબા (૨૭) કલી (૨૯) આહુ (૩૧) આલ


મો. ૯૪૨૬૮ ૭૫૬૬૭
મો. ૯૯૭૮૦ ૧૪૫૭૪

વન–ટેન
ફેશન

અમે તમારી સમક્ષ અવનવી વેરાઈટીઓ લઈને આવી રહ્યા છીએ. જેમાં ચિલ્ડ્રન વેર, જેન્ટસ વેર, ટી–શર્ટ, વોલેટ, બેલ્ટની લેટેસ્ટ વેરાઈટીઓ ઉપલબ્ધ છે.

એક વાર અવશ્ય મુલાકાત લેવા પધારશો...

બી–૩, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ઈદગાહ કમ્પાઉન્ડ, બસ સ્ટેન્ડ પાસે, સુપ્રિમ જનરલ સ્ટોર્સની પાછળ, સિધ્ધપુર.



Abbas Ali 9925637429
Manjur Ali 9662238925

જ્યોતિ ઈલેકટ્રીક

ઘર, હોટલ, રેસ્ટોરેન્ટ, ગેસ્ટહાઉસ, તથા ઓફિસના ઈલેકટ્રીક માલ-સામાન અમારા ત્યાં વ્યાજબી ભાવે મળી રહેશે.

ઈસ્ત્રી, હીટર, ગ્રીઝર, મીક્સર બ્લેન્ડર મળશે.

Hi-Fi MODULAR
RR KĀBEL
Rapid Electric accessories
Crompton Greaves EVERYDAY SOLUTIONS
POLYCAB WIRES & CABLES
HAVELLS

(ગામ : સેદ્રાણાવાળા)

જી–૮૦, સામર્થ કોમ્પલેક્ષ, હોટલ સિધ્ધાર્થની સામે, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.